# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો
# મોહિની (તાલુકો ઉચ્છલ જિ. સુરત)


અહેવાલ લેખન

સાયમન ફ્રા મેકવાન

સંકલન

ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૯૦


286

## પ્રાસ્તાવિક : વિસ્તાર પરિચય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના ઉપક્રમે ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી જાતિઓનાં ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં. ગુજરાતમાં સૌથી વધુ વસ્તી ધરાવતી ભીલ જાતિનાં ગામો પણ જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યાં હતાં.

ક્ષેત્રકાર્ય પૂરું કર્યા અને પ્રારૂપ લેખન થયા પછી એના વિષે કશું થયું ન હતું. આ બધી માહિતી જૂની થઇ ગઇ હતી. આથી સીધી એની એ સ્વરૂપે છપાવવા માટે બધા જ ગામોની પુનઃમોજણી કરવાનું કામ કેન્દ્રે હાથ ધર્યું હતું. આ રીતે વસાવા જાતિની પરિસ્થિતિ જાણવા તેમજ તેમનામાં પરિવર્તનનો વ્યાપ અને ગતિ કેવી છે ? તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે '૬૯ના વર્ષમાં જે ૧૨ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં તેમાં સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાના મોહિની ગામનો સમાવેશ થતો હતો. ત્યારબાદના ૧૦ વર્ષના ગાળા બાદ પુનઃમોજણી માટે પણ આજ ગામનાં અગાઉ પસંદ કરેલાં કુટુંબોમાંના જ પૂરતું જે કુટુંબના વડાઓ મૃત્યુ પામ્યા હતા તેમને તેમજ મજૂરી માટે સ્થળાંતર કરી જનાર કુટુંબોને બાદ કરતાં બાકી રહેલાં તમામ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ મુજબ '૬૯ના વર્ષમાં મોહિની ગામનાં ૪૬ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. તેમજ '૭૯ની તપાસ વખતે બાકી રહેલાં ૩૮ કુટુંબોને પુનઃમોજણીમાં આવરી લેવાયાં હતાં. ફરીથી ૧૦ વર્ષના સમયગાળા બાદ આજ ગામમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ કરવાના હેતુથી ૮૯-૯૦ના વર્ષમાં પુનઃમોજણી કરવામાં આવી હતી. જેને આધારે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ મોજણી વખતે અગાઉનાં ૩૮ કુટુંબોમાંના ૧૦ કુટુંબોના વડાઓ મૃત્યુ પામ્યા હતા, ૨ કુટુંબના વડાઓ ખેતી કરવા માટે મહારાષ્ટ્રમાં તેમજ ૧૦ કુટુંબના વડાઓ મજૂરી કામ માટે ગુજરાતના જુદા જુદા સ્થળો જેવાં કે સુરત, નવસારી, ઉધના, બારડોલી વગેરે જેવાં સ્થળોએ સ્થળાંતર કરી ગયાં હતાં. તેમને બાદ કરતાં અને અગાઉની મોજણી વખતે સ્થળાંતર કરી ગયેલા પરંતુ હાલની મોજણી વખતે પરત આવેલાં કુટુંબો એમ કુલ ૧૮ કુટુંબોને આ પુનઃમોજણી હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં.

## તપાસનો ઉદ્દેશ :

આ અભ્યાસ ૧૦-૧૦ વર્ષના સમયગાળા બાદ કરવાના હેતુથી શરૂઆતમાં ચર્ચા થઇ જ છે. તેમ છતાં આ અભ્યાસના મુખ્ય હેતુઓ જોઇએ તો આદિવાસી વિસ્તારોના વિકાસ માટે જે વિકાસ ઘટકો ઊભાં કરવામાં આવ્યાં હતાં. જે વ્દારા વિકાસની સઘન કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૭૬ના વર્ષથી આદિવાસી વિસ્તારના વિકાસ માટેના કાર્યક્રમો વધુ સઘન બનાવ્યા હતા. આ તમામ કાર્યક્રમો /યોજનાઓના અમલીકરણ માટે નાણાકીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ વ્દારા એ જાણવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે કે આ વિકાસ કાર્યક્રમોની અસર આદિવાસીઓના સામાજિક આર્થિક માળખા ઉપર પડી છે ? અને જો પડી હોય તો કેવી ? તેમની સમગ્ર જીવન પધ્ધતિ ઉપર કેવી અસર પડી છે યા તેમનામાં કેવા પ્રકારનું સામાજિક આર્થિક પરિવર્તન આવી રહ્યું છે તે જાણવાનો રહ્યો હતો.

## તપાસ પધ્ધતિઓ :

આ અભ્યાસની સૌ પ્રથમ તપાસ '૬૯માં કરવામાં આવી ત્યાર મોહિની ગામના આદિવાસી કુટુંબોમાંથી દૈવનિદર્શન પધ્ધતિ વ્દારા ૪૭ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતાં. આ તમામ કુટુંબોની વ્યકિતગત મુલાકાત લેવામાં આવી હતી. અને ત્રણ પ્રકારની અનુસૂચિમાં માહિતીની નોંધ કરવામાં આવી હતી. જેમાં કુટુંબપત્રક, સામાજિક માહિતીની અનુસૂચિ અને ત્રીજી આર્થિક માહિતી માટેની અનુસૂચિનો સમાવેશ થતો હતો. આ તમામ વિગતવાર માહિતી મેળવવા માટે અન્ય માહિતી એકત્રીકરણની પધ્ધતિઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં અવલોકન, મુલાકાત, કિસ્સા અભ્યાસનો સમાવેશ થતો હતો.

૧૯૮૯-૯૦ના વર્ષમાં આ અભ્યાસ માટે અગાઉ જણાવ્યા મુજબ ૧૮ કુટુંબોની વ્યકિતગત મુલાકાત લેવામાં આવી હતી. આ મોજણીમાં કુટુંબપત્રનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પસંદ થયેલા કુટુંબો સહિત સમગ્ર ગામમાં આવેલ પરિવર્તનની ઝાંખી મેળવવા માટે અન્ય કુટુંબના વડાઓ, અભ્યાસુઓ, કાર્યકરો, શિક્ષકો, તલાટી કમ મંત્રી, ખ્રિસ્તી ધર્મના સુવાર્તિકો ઉપરાંત તાલુકા પંચાયતના પદાધિકારીઓની અવારનવાર મુલાકાત લઇ, ચર્ચા કરીને માહિતી મેળવવાના પ્રયત્નો કર્યા હતા, અવલોકનો નોંધ્યા હતાં વગેરે.

## વિસ્તાર પરિચય :

ગુજરાત રાજયમાં બધા મળીને કુલ ૧૯ જિલ્લાઓ છે. તે પૈકીના રાજયની પૂર્વ સરહદ -માં આવતા જેને પૂર્વપટ્ટી તરીકે ઓળખવામાં આવે છે. તેમાં સમાવેશ થતા અનુક્રમે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગનો સમાવેશ થાય છે. આ અભ્યાસ આ જિલ્લાઓમાંના સુરત જિલ્લાના વિસ્તારમાં આવેલ મોહિની ગામના આધારે કરવામાં આવ્યો છે.

## સુરત જિલ્લો :

દક્ષિણ ગુજરાતમાં આવેલા સુરત જિલ્લાનુ સ્થાન તપાસીએ તો આ જિલ્લો ૨૦.૪૭ અને ૨૧.૩૪ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૨૧ અને ૭૦.૨૦ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.

સુરત જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭૭૪૫ ચો.કી.મીટરનો છે. જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૩.૯૫%ના પ્રમાણમાં છે. જિલ્લાની ઉત્તરમાં ભરૂચ જિલ્લો, દક્ષિણમાં વલસાડ જિલ્લો, પૂર્વમાં મહારાષ્ટ્ર રાજયનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમમાં અરબી સમુદ્ર આવેલા છે.

સુરત જિલ્લાની ભૂપૃષ્ઠ તપાસીએ તો આ જિલ્લો મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલો છે. જેમાં પૂર્વ વિભાગ સાતપુડા અને સહયાદ્રી પર્વતોની ટેકરીઓથી ઘેરાયેલો છે. આ વિસ્તારના કેટલાક ભાગમાં જંગલ આવેલુ છે. આ વિસ્તારમાં જુવાર, ઇમારતી લાકડું અને વાંસનો સમાવેશ થાય છે. વધુમાં આ વિભાગમાં મુખ્યત્વે આદિવાસી વસ્તીઓનો વસવાટ છે. જયારે બીજા વિભાગ તાપી નદીના કાંપથી બનેલો સપાટ વિસ્તાર છે જે તદ્દન ભિન્ન પ્રવૃત્તિ ધરાવે છે.

## જમીન :

જિલ્લાની જમીનને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય. જેમાં દરીયા કિનારાના ભાગમાં આવેલી ક્ષારવાળી યા ખારી, મધ્ય ભાગમાં ખેતીના ઉત્પાદન માટેની શ્રેષ્ઠ એવી ક્યારીની જ કામરેજ, મહુવા, પલસાણા,માંડવી તાલુકાઓમાં આવેલી છે. છેવટે સોનગઢ, વ્યારા, ઉચ્છલ તાલુકાના વિસ્તારમાં આવેલી બ કાળી જમીનનો સમાવેશ થાય છે.

## જંગલ :

ગુજરાત રાજયના મુખ્ય વન સંરક્ષકશ્રીના અહેવાલ મુજબ જિલ્લામાં ૧૫૪૭૩૩ વિસ્તાર જંગલ હેઠળ હતો જેમાં ૬૯૧૬૫ અનામત જંગલ, ૪.૯૦ રક્ષિત જંગલ, ૫.૬૪ ખાનગી જંગલ અને ૮૪૫.૧૪ બિનવર્ગીકૃત જંગલનો સમાવેશ થાય છે.

નદીઓ :

સુરત જિલ્લામાં મુખ્ય બે નદીઓ વહે છે. જેમાં તાપી અને કીમનો સમાવેશ થાય છે. આ મુખ્ય નદીઓ ઉપરાંત મીંઢોળા, પૂર્ણા અને અંબિકાનો સમાવેશ થાય છે. આ તમામ નદીઓ અરબી સમુદ્રમાં મળી જાય છે. જિલ્લાની તાપી નદી મુખ્ય મધ્યપ્રદેશમાંથી નીકળી, મહારાષ્ટ્રમાં પસાર થઇને ગુજરાતમાં આવે છે. આ નદીની લંબાઈ ૭૫૨ કિ.મી. છે. જ્યારે કીમ નદી રાજપીપળાની ટેકરીઓમાંથી નીકળી ભરૂચ જિલ્લાના અને સુરત જિલ્લા હદને સ્થીને પસાર થઇને છેવટે અરબી સમુદ્રને મળે છે.

વાતાવરણ અને ઉષ્ણતામાન :

જિલ્લાનું સામાન્ય વાતાવરણ સૂકું રહે છે. ઋતુચક્ર તપાસીએ તો નવેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમિયાન શિયાળો, માર્ચથી જૂન માસ દરમિયાન ઉનાળો અને જૂનથી ઓકટોબર દરમિયાન ચોમાસુ રહે છે.

સુરત જિલ્લામાં વહીવટી સરળતા માટે તેનું ૧૩ તાલુકાઓમાં વિભાજન કરવામાં આવ્યું છે. આ તાલુકાઓમાં અનુક્રમે ચોર્યાસી, ઓલપાડ, કામરેજ, માંગરોળ, માંડવી, સોનગઢ, ઉચ્છલ, નીઝર, વ્યારા, વાલોડ, બારડોલી, મહુવા અને પલસાણાનો સમાવેશ થાય છે. આ અભ્યાસ માટેનું મોહિની ગામ ઉચ્છલ તાલુકામાં આવેલું છે.

કોઠો - ૧

રાજ્ય અને જિલ્લામાં વિસ્તાર, વસ્તી, વસ્તી વધારા દર, જાતિ પ્રમાણ, વસ્તીની ગીચતા ૧૯૮૧ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | ગુજરાત | સુરત |
|---|---|---|---|
| ૧. | વિસ્તાર (ચો.કી.માં) | ૧૯૬૦૨૪ | ૭૭૪૫ |
| ૨. | વસ્તી (૦૦૦માં) | ૩૪૦૮૬ | ૨૪૯૩ |
| ૩. | દર ચો.કી.મી. દીઠ વસ્તીની ગીચતા | ૧૭૪ | ૩૨૬ |
| ૪. | જાતિવાર પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોમાં સ્ત્રીઓનું પ્રમાણ) | ૯૪૨ | ૯૨૪ |
| ૫. | દસકાનો વસ્તી વધારાનો દર | ૨૭.૬૭% | ૩૯.૫૩% |

કોઠામાં દર્શાવેલ આંકડા જોતાં ઘણી બાબતો ફલિત થાય છે. દર ચો.કિ.મી. દીઠ વસ્તીની ગીચતાનું પ્રમાણ રાજ્ય સ્તરે અને સુરત જિલ્લામાં જોતાં બંને વચ્ચે મોટું અંતર રહેલું છે. સુરત શહેરમાં હીરાઉદ્યોગ, કાપડ પ્રોસેસીંગ, વિરાટકાય ઉદ્યોગો સ્થપાતાં સુરત શહેર અને જિલ્લામાં રાજ્યના અને દેશના લગભગ તમામ વિસ્તારોમાંના લોકો દિનપ્રતિદિન સ્થળાંતર થઇને આવીને વસવાટ કરે છે. અને આ પ્રક્રિયા સતત ચાલુ રહેવાને કારણે તેની સીધી અસર દસકા દરમિયાન વસ્તી વધારાના દરની જિલ્લામાં ઉંચી ટકાવારી વ્દારા પણ જોઇ શકાય છે.

કોઠો - ૨

રાજયમાં અને જિલ્લામાં પુરુષ અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ :

| ક્રમ | વિગત | રાજ્ય | સુરત |
|---|---|---|---|
| ૧. | સાક્ષરતાનું પ્રમાણ | ૪૩.૭૦ | ૪૬.૭૩ |
| ૨. | પુરુષોમાં સાક્ષરતા | ૫૪.૪૪ | ૫૪.૯૯ |
| ૩. | સ્ત્રીઓમાં સાક્ષરતા | ૩૨.૩૦ | ૩૯.૭૯ |

ગુજરાત રાજયની સરખામણીમાં સુરત જિલ્લામાં સાક્ષરતાની સ્થિતિ દર્શાવતા આંકડા જોતાં ઉત્સાહપ્રેરક ચિત્ર જોવા મળે છે. એમ કહેવામાં અતિશયોકિત નથી. જિલ્લામાં સામાન્ય સાક્ષરતાનું પ્રમાણ રાજયની સરખામણીમાં ૩.૩% વધુ છે. પુરુષો અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ રાજયની સરખામણીમાં તપાસીએ તો અનુક્રમે ૦.૫૫% અને ૫.૪૯% વધુ નોંધાયું હતું. સ્ત્રી સાક્ષરતામાં ઉંચુ પ્રમાણ એ ખરખર આનંદની બાબત છે. સુરત જિલ્લામાં કાર્યરત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચલાવતી સંસ્થાઓ અને રાજ્ય શૈક્ષણિક મંડળોના યોગદાનનું આ પરિણામ છે.

શહેરી વસ્તી :

કોઠો - ૩

રાજ્ય અને જિલ્લામાં શહેરી વસ્તીનું પ્રમાણ

| ગુજરાત | સુરત |
|---|---|
| ૩૧.૧૦ | ૪૨.૭૬ |

અગાઉ દસકામાં વસ્તી વધારાના દરની ચર્ચામાં જિલ્લામાં ઊંચો દર હોવાની ચર્ચામાં નોંધ્યા મુજબ સુરતમાં ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે વસ્તીમાં વધારો થઇ રહ્યો છે. રાજ્યની સરખામણીમાં જિલ્લામાં શહેરી વસ્તીમાં ૧૧.૬૫% વધારા દર આ બાબતને પુષ્ટિ આપે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી :

કોઠો - ૪

રાજ્ય અને જિલ્લામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીનું પ્રમાણ

| ક્રમ | વિગત | રાજ્ય | સુરત |
|---|---|---|---|
| ૧. | અનુસૂચિત જાતિની વસ્તીનું પ્રમાણ | ૭.૧૫ | ૩.૬૮ |
| ૨. | અનુસૂચિત જનજાતિની વસ્તીનું પ્રમાણ | ૧૪.૨૨ | ૪૧.૬૧ |

રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી મુખ્યત્વે મધ્ય-ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેન્દ્રિત થયેલી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં આ જાતિની વસ્તીનું પ્રમાણ ઘણું ઓછું છે. જને કોઠામાં દર્શાવેલી ટકાવારી પુષ્ટિ આપે છે.

રાજ્યમાં આદિવાસી વસ્તીનું વધુ પ્રમાણ હોવાને લઇને આદિવાસી જિલ્લાઓ તરીકે ઓળખાતા જિલ્લાઓમાં સુરત જિલ્લાનો સમાવેશ થાય છે. સુરત જિલ્લામાં વસ્તીની દ્રષ્ટિએ બીજું સ્થાન ધરાવતી દૂબળા, હળપતિ જાતિની મહત્તમ વસ્તી આ જિલ્લામાં વસવાટ કરે છે. આ સિવાય ગામીત, ચૌધરી, કોટવાળિયા જાતિની મોટી વસ્તી પણ આ જિલ્લામાં વસવાટ કરે છે.

ઉચ્છલ તાલુકો :

સુરત જિલ્લામાં ૧૩ તાલુકાઓમાં આદિવાસી તાલુકાઓ તરીકે ગણાતા ઉચ્છલ તાલુકાનો સમાવેશ થાય છે. આ તાલુકા જિલ્લાના વ્યારાના પેટા વિભાગ હસ્તકના વિસ્તારમાં આવેલો છે. તાલુકાની ઉત્તર પશ્ચિમમાં સુરત જિલ્લાનો સોનગઢ તાલુકો તેમજ દક્ષિણ પૂર્વમાં સુરત જિલ્લાનો જ નિઝર તાલુકો અને મહારાષ્ટ્રનો ધૂળિયા જિલ્લો આવેલો છે. એ નોંધવું રસપ્રદ બની રહેશે કે સુરત-હવડા રેલવે માર્ગ પર આવેલું નવાપુર રેલવે સ્ટેશનની રેલવે લાઇનનો એક ભાગ ગુજરાતમાં અને એક ભાગ મહારાષ્ટ્રની હદમાં આવે છે. રેલવે માર્ગે ઉચ્છલ જવા માટે નવાપુર રેલવે સ્ટેશને ઉતરવું પડે છે. જયારે બસ માર્ગે સુરત-નિઝર માર્ગ ઉપર જ ઉચ્છલ આવેલું છે.

ઉચ્છલ તાલુકો ગુજરાતનો ભાગ છે જયારે નવાપુર મહારાષ્ટ્રના ધૂળિયા જિલ્લાનું શહેર છે. પરંતુ વ્યવહારિક અને સામાજિક રીતે આ વિસ્તારના લોકો માટે કોઇ ભેદ જોવા મળતો નથી. હકીકતમાં જોઇએ તો ઉચ્છલ તાલુકાના ૬૮ ગામોના ૫૦થી વધુ ગામોના લોકો માટેનું મુખ્ય બજાર નવાપુર છે. આ વિસ્તારના ખેડૂતો પોતાની ઉપજ વેચવા તેમજ ખેતી માટેની જરૂરિયાતો ખરીદવા નવાપુર બજારનો ઉપયોગ કરે છે. ગામના ખેડૂતો અને અન્ય લોકો ખાનગી નાણાંકીય ધિરાણ પણ નવાપુરના ધિરધારો પાસેથી મેળવે છે. એટલું જ નહીં પણ ધૂળિયા જિલ્લાના ખાનદેશ પ્રદેશ તરીકે ઓળખાતા આ પ્રદેશમાં વસાવા આદિવાસીઓ વસવાટ કરતા હોવાથી ઉચ્છલ તાલુકાના વસાવા અને મહારાષ્ટ્રના વસાવા કુટુંબો વચ્ચે સાંસ્કૃતિક તેમજ બેટી આપવા લેવાનો વ્યવહાર આજે પણ ચાલુ છે. આ રીતે તેઓ વચ્ચે સામાજિક સામંજસ્ય જોવા મળે છે.

ઉચ્છલ તાલુકામાં ૧૯૮૧ની વસ્તી ગણતરીમાં કુલ ૬૮ ગામો હતાં. જેમાંના ૪૨ ગામો વસવાટી અને ૨૬ ગામો બિનવસવાટી નોંધાયા હતાં. તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૨૩.૬ ચો. કિ.મી. છે.

વસ્તી :

૧૯૮૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ ઉચ્છલ તાલુકામાં કુલ વસ્તી ૫૨૬૯૨ની નોંધાઇ હતી. જેમાં ૨૬૩૪૫ પુરુષો અને ૨૬૩૪૭ સ્ત્રીઓ હતી.

ઉચ્છલ તાલુકામાં એક પણ શહેર નથી. તમામ વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર તરીકે નોંધાયો હતો. અને આમ તાલુકાની કુલ વસ્તી પણ ગ્રામ્ય વસ્તી તરીકે નોંધાઇ હતી.

ઉચ્છલ તાલુકો અને સુરત જિલ્લાના આદિવાસી તાલુકાઓમાનો તાલુકો હોવાથી આદિવાસી વસ્તીનું પ્રમાણ વધુ હોવું જોઇએ. ૧૯૮૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ તાલુકામા કુલ વસ્તીમાં આદિવાસી વસ્તી ૫૧૩૪૨ની હતી. જેમાં ૨૫૬૨૯ પુરુષો અને ૨૫૭૬૩ સ્ત્રીઓ હતી. જે તાલુકાની કુલ વસ્તીના પ્રમાણમાં ૯૭.૪૩% હતી. આ રીતે જોતાં આ તાલુકો લગભગ સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો ગણાવી શકાય.

મોહિની ગામ :

આ અભ્યાસ માટેનું મોહિની ગામ ઉચ્છલ તાલુકાના વસવાટી ગામોમાંનું મહત્વનું ગામ છે. આ ગામ ઉચ્છલ-નિઝર માર્ગ પર આવેલ નારણપુરા ગામ પાસેથી પૂર્વમાં ફંટાઇને કરોડ જતા માર્ગ ઉપર મુખ્ય માર્ગથી ૩ કિ.મી. અંદરના ભાગમાં આવેલું છે. તાલુકા મથકથી મોહિની ગામનું અંતર ૨૨ કિ.મી. છે.

૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષમાં મોહિની ગામની ભૂપૃષ્ઠ તપાસી જેતો મોહિનીથી આગળ જતાં કરોડ માર્ગની બંને તરફ હારબંધ રહેઠાણો હતા. આ ગામની પ્રથમ તપાસ વખતે મોહિની ગામ સહિતનો સમગ્ર વિસ્તાર ગાઢાં જંગલોથી ઘેરાયેલો હતો. ગામના માહિતીદાતાઓના જણાવ્યા મુજબ ૩૦-૪૦ વર્ષ પહેલાંના સમયમાં તો આ વિસ્તારમાં વન્ય પશુઓની સંખ્યા પણ સારી એવી હતી. પરંતુ તાપી નદી ઉપરની જળાગાર યોજના અમલીબનતાં ઉકાઇ સ્થળે મોટો બંધ બંધાતાં આ યોજનાથી અસરગ્રસ્ત થયેલાં કુટુંબોને વસાવવા માટે જંગલો કાપીને વસાહતો સ્થાપવામાં આવી. આ રીતે મોહિની ગામની પાસેનો જંગલ વિસ્તારને કાપીને વસાહતો ઊભી કરવામાં આવી હતી. તેમાં પૂર્વ ભાગમાં ધૂપી, કુયદા અને આરકાટી અને ઉત્તરમાં આમકુટ્ટી અને ટોકરવાનો સમાવેશ થતો હતો. ઉકાઇ યોજનામાં ઉચ્છલ તાલુકાના ૬૯ ગામોમાંના ૧૮ ગામો ડૂબાણમાં ગયાં હતાં.

મોહિની ગામ જૂની વસાહતમાં ગણાય છે. પૂર્વમાં ઉપર જણાવ્યા મુજબની વસાહતો, દક્ષિણમાં જૂનું ગામ ચંદાપુર, નવુ ગામ વડગામ અને નેસુ નદી આવેલાં છે. અને નદી પછીનો વિસ્તાર મહારાષ્ટ્રમાં ગણાય છે. ગામની પશ્ચિમે કુંભરાણ અને વાઘછીપા, ઉત્તરમાં જણાવ્યા મુજબની નવીક વસાહતોનો સમાવેશ થાય છે. આમ મોહિની ગામની આસપાસ મોટી ઉથલપાથલો સર્જાતાં તેની અસર મોહિની ગામને પણ થઇ હતી. ૧૯૭૯ની તપાસ સમયે આ વિસ્તારનું જંગલ

નામશેષ થઇ ગયું હતું. જ્યારે ૧૯૮૯-૯૦ની તપાસ વખતે તો મોહિની ગામની ચોતરફ જોતાં કયાંય મોટી સંખ્યામાં વૃક્ષો નજરે પડતાં નહોતાં. દક્ષિણની ટેકરીઓ ઉપર આછુંપાતળું જંગલ તેમજ માત્ર ઉત્તરના ભાગમાં ડુંગર પર મોટું ગાઢું કહી શકાય એવું જંગલ ગણાવી શકાય. મોહિની ગામની જ વાત કરીએ તો ત્યાં છૂટાછવાયા અને જૂજ સંખ્યામાં વૃક્ષો જોવા મળતાં હતાં. નજીકના ગામથી મોહિની ગામ એક ઉજ્જડ ગામ જેવું લાગતું હતું. ગામના આગેવાનના જણાવ્યા મુજબ તો આવતાં દસેક વર્ષોમાં બાકીનું જંગલ પણ સાફ થઇ જશે.

ક્ષેત્રકાર્ય સમયે ગામમાં કુલ ૧૮૫ વસાવટો હતા. ગામમાં મુખ્યત્વે વસાવા જાતિની વસ્તી હતી. આ ઉપરાંત ગામીત, કોટવાળિયા, કાથોડીની વસ્તી જૂજ સંખ્યામાં હતી. ગામીતોના રહેઠાણોનો વિસ્તાર ગામીત ફળિયા તરીકે ઓળખાય છે. ગામમાં વળવી-વસાવા તેમજ ગાવીત વચ્ચેના લગ્ન સંબંધો એટલે કે રોટી બેટીના સંબંધો ચાલુ છે. જ્યારે કાથોડી અને કોટવાળિયા જાતિના કુટુંબો સાથે આવા સંબંધો નથી. નવી વસાહતમાં વસતા વસાવા કુટુંબો સાથે પણ રોટી બેટીના વ્યવહારો ચાલે છે. ગામના લોકોના દૈનિક અને અન્ય પ્રકારના ઝઘડાઓ નિવારવા માટે ગામના સરપંચ છે. ગામમાં પોંઢાર્યા એટલે કે આગેવાન છે. અગાઉની તપાસોના અહેવાલ મુજબ ગામમાં ગામપંચનો અંકુશ ભારે હતો. ગામપંચ જરૂર પડયે શિક્ષાનો ઉપયોગ પણ કરતું હતું. પરંતુ આ ક્ષેત્રકાર્ય દરમિયાન ગામપંચનો અંકુશ ઘણો ઓછો થયો હશે એમ લાગતું હતું. ચાલુ દસકાના સમયગાળામાં ગામના ૨૦-૨૫ કુટુંબોની ખ્રિસ્તી મંડળી ઊભી થતાં તેઓ તેમની પ્રવૃત્તિમાં જોડાયેલા રહેતા તેમજ અગાઉના આગેવાન પણ આ મંડળીના સક્રિય હોવાથી ગામની એકતામાં ઘણી મર્યાદાઓ હોવાનું જોવા મળ્યું હતું.

વસ્તી :

૧૯૭૯ની તપાસમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ગામની કુલ વસ્તી ૮૫૧ની હતી. જેમાં ૪૧૬ પુરુષો અને ૪૩૫ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. તે સમયે ગામમાં કુલ ૧૫૧ કુટુંબો વસવાટ કરતાં હતાં. તે વખતે ગામમાં એક કુટુંબ અનુસૂચિત જાતિનું હતું.

૧૯૮૯-૯૦ની તપાસ મસયે ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૧૧૦૦ની નોંધાઇ હતી. હાલમાં મોહિની જૂથ ગ્રામપંચાયત બનાવવાની કામગીરી ચાલે છે. તે મુજબ વસ્તી ૪૪૬૦ ગણાવી શકાય. તપાસ મસયે ગામમાં ૩૫ મોટા ખેડૂતો, ૪ સિમાંત ખેડૂતો અને ૨૬ નાના ખેડૂતો હતા.

જમીન :

મોહિની ગામ જેમાં જૂનું ગામ તથા બીજો વિસ્તાર ઉમેરવામાં આવ્યો છે. એ સાથે આ જમીનનું વર્ગીકરણ કોઠામાં બતાવ્યા મુજબ હતું. ખેતીની જમીનની બાબતમાં ત્રણ ખેડૂતોને ભૂદાન હેઠળ જમીન મળી હતી. આ સિવાય ૪ વ્યકિતઓ ગૌચરની જમીન ખેડતા હોવાની માહિતી મળી હતી.

કોઠો - ૫

મોહિની ગામમાં ૧૯૭૯થી ૧૯૮૯ દરમિયાન જન્મ-મરણ પ્રમાણ

| ક્રમ | વર્ષ | જન્મ સંખ્યા | મરણ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૧૯૭૯ | - | ૩ |
| ૨. | ૧૯૮૦ | - | ૨ |
| ૩. | ૧૯૮૧ | ૬ | ૮ |
| ૪. | ૧૯૮૨ | ૨ | ૪ |
| ૫. | ૧૯૮૩ | ૪ | ૩ |
| ૬. | ૧૯૮૪ | ૪ | ૧ |
| ૭. | ૧૯૮૫ | ૧૨ | ૬ |
| ૮. | ૧૯૮૬ | ૬ | - |
| ૯. | ૧૯૮૭ | ૪ | ૬ |
| ૧૦. | ૧૯૮૮ | ૧૧ | ૯ |
| ૧૧ | ૧૯૮૯ | ૧૫ | ૬ |

## મોહિની ગામની પાયાની સુવિધાઓ :

(૧) પીવાનું પાણી : ગામમાં પીવાના પાણી માટે અગાઉની તપાસોની જેમ આ સમયે પણ માત્ર ૨ કૂવાઓ હતા. જયાંથી સ્ત્રીઓ દોરડાથી ખેંચીને પાણી કાઢતા. જો કે આ ગામમાં વિકાસ કાર્યક્રમોના એક ભાગ રૂપે પાણી પૂરવઠા યોજનાનું કામ ચાલતું હતું. પાણીની ટાંકી તૈયાર હતી. નજીકના ભવિષ્યમાં દરેક ફળિયામાં સ્ટેન્ડ પોસ્ટ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે.

પીવાના પાણી ઉપરાંત અન્ય વપરાશના પાણી માટે નજીકમાં પસાર થતી ખાડીના પાણીનો ઉપયોગ કરતાં હતા. ખાસ કરીને ન્હાવા, કપડાં ધોવા આ પાણીનો ઉપયોગ થતો. ગામમાં માત્ર એક ખાનગી કૂવો હતો જેનું પાણી ખેતીકામમાં વપરાતું. ગામમાં એક પણ હેન્ડપંપ નહોતો.

## (૨) દુકાન બજાર :

દૈનિક જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ગામમાં કુલ ૩ દુકાનો હતી. પ્રથમ તપાસ વખતે માત્ર એક દુકાન હતી અને બીજી તપાસ વખતે એકપણ દુકાન નહોતી. જયારે ચાલુ તપાસ વખતે ૩ દુકાનો હતી. આ દુકાનો નાના પાયાની હતી તેમ છતાં ત્યાં અનાજ, ડુંગરી, બટાટા, તેલ, સાબુ, ખાંડ, ચા, ઠંડાપીણાં વગેરે મળતુ હતું. ગામનાં ગરીબ કુટુંબો સામાન્ય રીતે ગામની દુકાનથી ખરીદી કરતાં જયારે મોટા ભાગનાં કુટુંબો ખરીદી માટે ઉચ્છલ અને નવાપુર જતાં.

## (૩) અનાજ દળવાની ઘંટી :

ગામમાં ઘેર અનાજ દળવાની પ્રથાને સ્થાને ગામથી એક કિ.મી. દૂર આવેલા કુપદા ગામમાં આવેલ ઘંટીનો લાભ મેળવતા હતા.

## (૪) સેવા સહકારી મંડળી / સહકારી મંડળી :

મોહિની ગામ કરોડ વિભાગ સેવા હસકારી મંડળીના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતું હોવાથી ખેતી માટે ધિરાણ, ખાતર, બિયારણ વગેરેની સગવડ કરોડ મંડળીમાંથી મળતી હતી. અન્ય સહકારી મંડળીઓના લાભની વિગત તપાસીએ તો મોહિની ગામની સ્વતંત્ર દૂધ મંડળીની નોંધણી થઇ ગઇ હતી. અને આનુષંગિક કામગીરી ધીરી ગતિએ ચાલતી હતી. આ સિવાય ગામનાં કેટલાંક કુટુંબોને ચંદાપુર ગામની દૂધ મંડળી દ્વારા દૂધાળાં પશુ આપવામાં આવ્યાં હતાં. આ સિવાય વાઘછીપા ગામની દૂધ મંડળી દ્વારા ગામના ૨૫ લાભાર્થી કુટુંબોને ભેંસો આપવામાં આવી હતી. જેની વિગતો યોગ્ય સ્થળે જણાવી છે.

(૫) શિક્ષણ :

ગામમાં આગણવાડી ચાલે છે. તેને લાભ ૦-૬ વયજૂથનાં બાળકો લે છે. ગામમાં ધોરણ ૧થી ૪ સુધીની પ્રાથમિક શાળા ધોરણ ૫થી ૭ માટે ધૂપી ગામની શાળામાં જવું પડે છે. ગામથી ૨૨ કિ.મી. દૂર તાલુકા મથક ઉચ્છલમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણની સગવડ મળતી હતી. તેમજ ટોકરવા ગામમાં ચાલતી ઉ.બુ.આશ્રમશાળામાં માધ્યમિક શિક્ષણ અને આશ્રમશાળામાં પ્રાથમિક શિક્ષણની સગવડ મળતી હતી. કરોડ ગામની આશ્રમશાળા -માં પણ પ્રાથમિક શિક્ષણની સુવિધાનો લાભ મળે છે. ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓ વ્યારા અને સુરતમાં આવેલી છે.

(૬) આરોગ્ય :

આરોગ્યની સેવા માટે કરોડમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપરાંત આરકાટી ગામમાં ખાનગી દવાખાનું, ચીંચપાડા મહારાષ્ટ્રમાં મિશન હોસ્પીટલ, ઉચ્છલમાં આવેલ સરકારી દવાખાનાનો લાભ મળતો હતો. નજીકના ભવિષ્યમાં મોહિનીમાં પેટા આરોગ્ય કેન્દ્ર ઊભું થનાર છે.

(૭) સંદેશા વ્યવહાર :

મોહિની ગામમાં પોસ્ટ ઓફીસ નથી. પરંતુ નજીકમાં આવેલ ડૂપદા પેટા કચેરીથી લાભ મળતો હતો ત્યારે તાલુકા મથક ઉચ્છલ જવું પડતું હતું.

(૮) વાહનવ્યવહાર :

મોહિની ગામથી ઉચ્છલ, નિઝર, કરોડ અને ચંદાપુર સ્થળોએ જવા આવવા માટે બસની સગવડ મળતી હતી. આ સિવાય ખાનગી વાહનોની અવરજવર તદ્દન નહીંવત હતી. આસપાસના ગામોના મોટરસાયકલ જેવાં હળવાં વાહનો ધરાવનાર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જીપ જેવાં વાહનોની અવરજવર રહેતી જેનો લાભ વ્યકિતગત રીતે જ થતો.

મોહિનીથી ૨૨ કિ.મી. દૂર આવેલું ભવાપુર એ સુરત-ભુસાવળ માર્ગ ઉપરનું મહત્વનું રેલવે સ્ટેશન છે. આ રેલવે સ્ટેશનથી સુરત અને ત્યાંથી મુંબઇ, અમદાવાદ, દિલ્હી, કલકત્તા જેવાં સ્થળોએ રેલવે દ્વારા જવા આવવાની સગવડ મળી રહેતી.

...

# ભૌતિક જીવન

## ઘર :

વસાવા જે જુદી જુદી મિલકત ધરાવે છે તેમાં ઘર એક મહત્વની મિલકત ગણી શકાય. વસાવાનાં રહેઠાણો મુખ્યત્વે કાચાં હોય છે. ઘરની બાંધણીમાં પ્રથમ લાકડાના ટેકાને ગોઠવીને માળખું બનાવવામાં આવે છે. / ત્યારબાદ તેને રહેઠાણનું રૂપ આપવા જયાં જરૂર હોય ત્યાં વાંસપટીને ગુંથીને તેની દીવાલ બનાવવામાં આવે છે. ત્યારબાદ ઘરની સ્ત્રીઓ છાણ માટીના લીંપણથી કલાત્મક રીતે લીંપવામાં આવે છે. વસાવા સ્ત્રીઓ લીંપવામાં સારી કલાત્મકતા ધરાવે છે. તેમજ ખાસિયત એ છે કે તેઓ સતત રીતે થોડા થોડા ભાગમાં ખાસ કરીને ઉખડી ગયું હોય અથવા ઘસાઇ ગયું હોય ત્યાં લીંપતા રહે છે. જેથી વસાવાનાં રહેઠાણ ઝૂંપડા પ્રકારનાં અને નાનાં હોવા છતાં ખૂબ આકર્ષિત હોય છે. અને આકર્ષણનું મુખ્ય કારણ કલાત્મક લીંપણ અને તેની સતત માવજત.

આ અભ્યાસની તપાસ વખતે પસંદ કરાયેલ ૧૮ કુટુંબોના રહેઠાણને લગતી જુદી જુદી માહિતી મેળવવામાં આવી હતી. તે કોઠામાં બનાવવામાં આવી છે. કોઠામાં દર્શાવેલ આંકડાઓ ઘણીબાબતો પ્રકાશમાં લાવે છે. આજે પણ વસાવાનાં રહેઠાણો કાચાં જ હોય છે. ગામમાં જ પાકાં રહેઠાણો છે. વળી તેઓના રહેઠાણમાં મુખ્યત્વે એક ખંડ હોય છે. બાકીનો ભાગ પરસાળનો હોય છે. જયાં રોજીંદી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. છાપરાં ઢાંકવા માટે હજુ પણ દેશી નળિયાંનો જ ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે. અલબત્ત કોઇ યોજના હેઠળ થોડાં વિલાયતી નળિયાં હોય અથવા તો કોઇની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં વિલાયતી નળિયાં ખરીદતા હોય એવા સંજોગોમાં થોડા ભાગમાં વિલાયતી નળિયાં પણ જોવા મળતાં હતાં. વસાવા કુટુંબોમાં પશુપાલનનો વ્યવસાય અગત્યનો છે. પરંતુ અન્ય ગામોની જેમ મોહિની ગામ થોડું અલગ તરી આવે છે. એમ કહેવું જોઇએ. એટલે કે પશુપાલન એ પૂરક આવક આપતો મહત્વનો વ્યવસાય છે. એવું સ્થળ સ્થિતિ જોતાં જોવા મળતું નથી. તેથી પશુ સારી રીતે રાખવા માટે વ્યવસ્થિત છાપરી બનાવવાનું ઓછું જણવા મળતું હતું.

કોઠો

રહેઠાણનો પ્રકાર, ઓરડા સંખ્યા, છાપરાનો પ્રકાર, જમીન માલિકી અને પશુછાપરીની સગવડ

| ક્રમ જમીનના કદ મુજબ જૂથ | મકાનનો પ્રકાર | | ઓરડાની સંખ્યા | | | છાપરાનો પ્રકાર | | મકાન પોતાની માલિકીની જગ્યામાં છે ? | | પશુ માટેની છાપરી છે ? | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કાચુ | પાકુ | ૧ | ૨ | ૩ | દેશી નળિયાં | વિલાયતી નળિયાં | હા | ના | હા | ના |
| ૧. જમીન વિહોણા | ૫ | - | ૫ | - | - | ૫ | ૨ | ૫ | - | ૧ | ૪ |
| ૨. ૦૦.૦થી ૫.૦ | ૭ | - | ૬ | ૧ | - | ૭ | - | ૭ | - | ૫ | ૨ |
| ૩. ૫.૦૧થી ૧૦.૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | - | ૧ | ૨ |
| ૪. ૧૦.૦૧થી ૧૫.૦ | ૧ | - | ૧ | - | - | ૧ | - | ૧ | - | ૧ | - |
| ૫. ૧૫.૦થી વધુ | ૨ | - | ૧ | ૧ | - | ૨ | - | ૨ | - | - | ૨ |
| કુલ | ૧૭ | ૧ | ૧૪ | ૩ | ૧ | ૧૭ | ૩ | ૧૮ | - | ૮ | ૧૦ |

જમીન :

આદિવાસીઓમાં સૌથી મહત્વની મિલકત તો ખેતીની જમીન જ ગણી શકાય. તેમની મુખ્ય આવક અન્ય સ્ત્રોત દ્વારા વધુ મળતી હોય તો પણ ખેતીની જમીન અને ખેતીનો વ્યવસાય જો આદિવાસી સંસ્કૃતિમાં ખૂબ જ ઊંડે સુધી વણાઇ ગયેલું તત્વ છે.

વાસાવા કુટુંબોની ખેતીની જમીન બાબતમાં થોડા ઊંડા ઉતરીએ તો જાણી શકાય છે કે તેઓ માત્ર પોતાને વારસામાં મળેલી જમીનને જ વળગી રહે તે પૂરતું નથી. ખાસ કરીને જેઓ ખેતીના વ્યવસાયમાં ખૂંપેલા છે અથવા જેમને માત્ર વ્યવસાય જ ખેતીનો હતો તેઓ બીજી જમીન મેળવતા હતા. તેમાં નવી જમીન ખરીદ કરીને, બીજાની જમીન ગીરો રાખીને, બીજા ખેડૂતોની જમીન ૧ સાલી ૨ સાલી એમ મુદતી ધોરણ ભાગે રાખીને તેમજ અન્ય રીતે જમીન મેળવીને ખેતી કરતા હતા. પરંતુ સાથે સાથે એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઇએ કે આ વિસ્તારમાં સિંચાઇની સગવડના અભાવે ખેતી આર્થિક રીતે પોષણક્ષમ ન હોવાથી ખેતીને મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકારવાનુ વલણ ઘટતું જાય છે. કોઠામાં દર્શાવેલા આંકડા જોતાં ત્રણ તપાસમાં ખેતી કરનારની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે.

૧૯૯૦ની તપાસ તપાસમાં કુટુંબો પાસે જુદજ જુદા સ્ત્રોતો દ્વારા કેટલા એકર જમીન પોતાના હસ્તક હતી તે જોઇ શકાય છે. જમીનવિહોણા એક કુટુંબ પાસે ૫.૨૦ ગુંઠા જમીન હતી. જેમાં ૩ એકર જંગલની હતી અને ૨.૨૦ ગુંઠા ભઠાની હતી.

કોઠો

તપાસેલ કુટુંબોની ખેતીની જમીન

| જમીનનું કદ | વારસામાં મળેલ | | પોતે ખરીદેલી | | ગીરોની જમીન | | ભાડાની જમીન | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકર | ગુંઠા | એકર | ગુંઠા | એકર | ગુંઠા | એકર | ગુંઠા | એકર | ગુંઠા |
| જમીન વિહોણા | - | - | - | - | - | - | ૨ | ૨૦ | ૩ | ૦૦ |
| ૦૦.૦થી૫.૦ | ૨૩ | ૩૨ | - | - | - | - | ૦ | ૨૦ | - | - |
| ૫.૧થી૧૦.૦ | ૨૨ | ૨૬ | ૭ | ૦૦ | - | - | - | - | - | - |
| ૧૦.૧થી૧૫.૦ | ૧૫ | ૦ | - | - | - | - | - | - | - | - |
| ૧૫.૧થીવધુ | ૧૧ | ૦૦ | - | - | - | - | ૩ | ૦૦ | ૫ | ૨૦ |
| | ૨૬ | ૨૬ | ૭ | ૦૦ | - | - | ૬ | ૦૦ | ૮ | ૨૦ |

ઘરવખરીનાં સાધનો :

વસાવા કુટુંબો સ્વભાવે સાદુ જીવન જીવનારા તથા ઓછામાં ઓછી વસ્તુઓથી પોતાનું જીવનચક્ર ચલાવે છે. તેમની જુદી જુદી મિલકતોમાં ઘરવખરીનો પણ સમાવેશ થાય છે. આ ઘરવખરીમાં વાસણો, ખાટલા, માછલાં પકડવાની જાળ, ડોડા ઘડિયાળ અને રેડિયો જેવાં મનોરંજનનાં સાધનો, ફાનસ, ચીમની જેવાં પ્રકાશ માટેનાં સાધનો સહિત બેટરી, પેટી, ટોપલા વગેરેનો સમાવેશ થાય છે.

પસંદ કરાયેલાં કુટુંબોની ત્રણે તપાસ દરમિયાન વાસણોની સ્થિતિ જોઇએ તો એલ્યુમિનિયમનાં વાસણોનું પ્રમાણ ખેતી કરતાં કુટુંબોમાં વધુ હતું. તેમ છતાં છેલ્લી તપાસમાં બંને પ્રકારનાં કુટુંબોમાં આ વાસણોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયેલો હતો. એ જ પ્રમાણેની સ્થિતિ પિત્તળનાં વાસણોમાં જોવા મળતી હતી. માટીનાં વાસણોની સંખ્યા બંને પ્રકારનાં કુટુંબોમાં ઉત્તરોત્તર ઘટવા પામી હતી. જ્યારે છેલ્લી તપાસ દરમિયાન ખેતમજૂરી કરતાં કુટુંબોમાં તેમજ ખેતી કરતાં કુટુંબોમાં સ્ટીલનાં વાસણોની સંખ્યા વધી રહી હતી. આ રીતે વાસણોની ધાતુના ઉપયોગમાં આવેલું પરિવર્તન સ્પષ્ટ રીતે જોવા મળે છે.

કાથીના ખાટલા ખેતી કરતાં કુટુંબોમાં અને ખેતમજૂરી કરતાં કુટુંબો કરતાં સાધારણ રીતે યથાવત સંખ્યામાં હતા. ડાડા ઘડિયાળ અને રેડિયો જ મહદંશે મનોરંજનનાં સાધનોમાં ગણી શકાય તેની શરૂઆત ખેતમજૂરી કરતાં કુટુંબોમાં પણ થઇ છે. જ્યારે ખેતી કરતાં કુટુંબોમાં આ સાધનોની સંખ્યા વધી હતી. રાત્રે પ્રકાશ મેળવવા માટે ચીમનીનો પ્રભાવ ચાલુ રહેવા પામ્યો છે. એ જ રીતે ઘંટીનો ઉપયોગ ઘટયો છે પરંતુ સાધન તરીકે જોવા મળતી હતી.

૧૯૭૦ની તપાસમાં તપાસેલ કુટુંબો પાસે જુદા જુદા પ્રકારની મિલકતો જોવા મળી હતી. તેની કિંમત દર્શાવી છે. જે પાન નંબર ૧૭ પર જોવાથી ખ્યાલ આવશે.

ઘરવખરીની વિગત

| મિલકતનું નામ | ખેતમજૂરી કરનાર કુટુંબો | | | ખેતી કરનાર કુટુંબો | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૯૦ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૯૦ |
| કુલ કુટુંબ સંખ્યા | ૧૩ | ૧૩ | ૫ | ૩૪ | ૨૫ | ૧૩ |
| વાસણો | | | | | | |
| અલ્યુમિનિયમ | ૪૩ | ૭૮ | ૧૯ | ૧૨૦ | ૧૨૫ | ૬૩ |
| પિત્તળ | ૨૭ | ૬ | ૬ | ૧૬૫ | ૮૧ | ૧૯ |
| તાંબુ | ૩ | - | - | ૮ | ૩ | ૧૪ |
| માટી | ૮૦ | ૪૪ | ૧૪ | ૨૦૪ | ૧૧૨ | ૩૩ |
| કાંસુ | ૪ | - | - | ૩ | ૧ | - |
| સ્ટીલ | - | - | ૨૦ | ૫ | ૧૦ | ૪૬ |
| કાથીના ખાટલા | ૨૬ | ૨૪ | ૧૧ | ૮૬ | ૫૫ | ૩૬ |
| માછલાં પકડવાની જાળ | ૧૨ | ૧૨ | ૫ | ૩૭ | ૨૧ | ૧૦ |
| ફરનિચર | - | - | - | ૯ | ૩ | ૫ |
| રેડિયો | - | - | ૧ | - | ૧ | ૩ |
| કાંડા ઘડિયાળ | - | - | ૧ | - | ૨ | ૫ |
| પટ્રોમેક્ષ | - | - | - | ૨ | - | - |
| ફાનસ | - | - | - | ૬ | ૧૦ | - |
| ચીમની | ૯ | ૧૩ | ૫ | ૨૬ | ૨૫ | ૧૧ |
| ટોપલા | ૧૪ | ૫૫ | ૨૨ | ૯૯ | ૧૯૨ | ૨૫ |
| બેટરી | - | - | ૩ | ૭ | ૮ | ૮ |
| પટી | ૧ | ૭ | - | ૬ | ૨૧ | ૨ |
| ઘંટી | ૧૦ | ૭ | ૫ | ૩૨ | ૨૧ | ૧૩ |
| અન્ય | - | - | ૫ | ૬ | ૩ | - |

કોઠો

મિલકત (૧૯૬૯-૧૯૭૯-૧૯૯૦)

| | કુટુંબદીઠ | વ્યકિતદીઠ |
|---|---|---|
| ખેતી કરતાં કુટુંબો ૧૯૬૯ | ૧૦૨૫૦.૭ | ૧૩૪૦.૫ |
| ખેતમજૂરી કરતાં કુટુંબ ૧૯૬૯ | ૧૦૧૬.૪ | ૧૬૯.૪ |
| ખેતી કરતાં કુટુંબ ૧૯૭૯ | ૨૨૪૮૭.૮ | ૩૭૨૩.૧ |
| ખેતમજૂરી કરતાં કુટુંબ ૧૯૭૯ | ૧૨૨૭.૩ | ૨૨૭.૯ |
| ખેતી કરતાં કુટુંબ ૧૯૯૦ | ૩૨૬૩૪.૨૩ | ૬૬૨૮.૮૩ |
| ખેતમજૂરી કરતાં કુટુંબ ૧૯૯૦ | ૧૬૭૫૨.૬ | ૩૪૯૦.૧૨ |

કોઠો

[illegible]

[illegible]

કોઠો

તપાસેલ કુટુંબોની સ્થાવર અને જંગમ મિલકત (રૂ.માં)

| જમીનનુ કદ | ખેતીની જમીન | મકાન વૃક્ષો | વૃક્ષો | પશુધન | ખેતીનાં સાધનો યંત્રો, ઓજારો | ઘરવખરી | ઘરેણાં | શેર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જમીનવિહોણા | ૧૦૦૦૦ | ૩૧૦૦૦ | ૨૩૦૦ | ૨૪૪૬૦ | ૬૨૦૦ | ૬૩૬૩ | ૨૪૦૦ | ૪૦ | ૮૩૭૬૩ |
| ૦૦.૦થી ૫.૦ | ૫૬૦૦૦ | ૪૬૦૦૦ | ૪૩૫૦ | ૨૬૭૫૦ | ૫૦૦૫ | ૫૬૨૫ | ૮૨૫૦ | - | ૧૫૧૯૮૦ |
| ૫.૦૧થી ૧૦.૦ | ૫૫૦૦૦ | ૩૧૦૦૦ | ૨૧૦૦ | ૧૬૯૫૦ | ૯૦૪૦ | ૪૨૮૫ | ૯૦૦૦ | ૮૦ | ૧૨૭૪૫૫ |
| ૧૦.૦૧થી ૧૫.૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ | ૨૦૦ | ૭૧૦૦ | ૪૫૦૦ | ૮૨૫ | ૨૦૦૦ | - | ૫૪૬૨૫ |
| ૧૫.૦૧થી વધુ | ૬૩૦૦૦ | ૧૦૦૦૦ | ૬૫૦ | ૫૦૦૦ | ૫૪૨૫ | ૨૧૧૦ | ૪૦૦૦ | - | ૯૦૧૮૫ |
| કુલ | ૨૧૪૦૦૦ | ૧૨૮૦૦૦ | ૯૬૦૦ | ૮૧૨૬૦ | ૩૦૧૭૦ | ૧૯૨૦૮ | ૨૫૬૫૦ | ૧૨૦ | ૫૦૮૦૦૮ |

# સામાજિક - આર્થિક સ્થિતિ

**વસાવા જાતિ :**

મોહિની ગામમાં વસતાં કુટુંબો મુખ્યત્વે વસાવા-ભીલ જાતિનાં હતાં. તેની વિગતો અગાઉ જોઇ ગયા છીએ. આમ આ અભ્યાસ વસાવા જાતિનાં કુટુંબો આધારિત હોઇ વસાવા જાતિનો સામાન્ય પરિચય કરાવ્યા સિવાય આ અભ્યાસ અધૂરો રહયો કહેવાય. એ અર્થમાં પણ વસાવા જાતિની સામાન્ય માહિતી નોંધવાનુ યોગ્ય રહે છે.

ગુજરાતની આદિવાસી જાતિઓની અનેક દંતકથાઓ અને માન્યતાઓ છે. વસાવા જાતિ વિષે પણ એમ જ છે. વસાવા વિષે જાણવા માટે ભીલ જાતિને જાણવી પડે. ભીલ દ્રાવિડ ભાષાના શબ્દ બિલમાંથી ઉતરી આવેલો શબ્દ છે. અને બિલ્કનો અર્થ બાણ થાય છે. આ માન્યતાના આધારે એવું કહી શકાય કે વસાવા લોકો દ્રાવિડના વંશજો હશે. રામાયણના રચેતા વાલ્મિકી ઋષિ મૂળ વાળિયો ભીલ હતા. તેમાં શબરીનું પાત્ર પણ ભીલ સ્ત્રીનુ પાત્ર હતું. મહાભારતમાંનુ એકલવ્યનું પાત્ર પણ ભીલ જાતિનું હતું. આમ ભીલ પ્રજા મૂળ અહીંની જ છે. સમય જતા જંગલમાં વસતા ભીલ કુટુંબો સપાટ પ્રદેશમાં આવીને વસવા લાગ્યા અને ખેતી કરવા લાગ્યા તેથી પણ વસાવા તરીકે ઓળખાયા.

ગુજરાતની પૂર્વ પટ્ટીના વિસ્તારમાં આદિવાસી જાતિઓનાં નાનાં મોટાં રજવાડાં હતાં. જેમાં સાગબારા અને સોનગઢનો સમાવેશ થતો હતો. ૧૯૬૧ની વસ્તી ગણતરીમાં વસાવાનો ભીલ જાતિમાં સમાવેશ કરાયો હતો.

**આહાર :**

વસાવાનો મુખ્ય ખોરાક જુવાર, બાટી, મકાઇના રોટલા કે ભડકુ તથા ચણા, તુવર, મગ, અડદ વગેરેનો ઉપયોગ કરે છે. જયારે શિયાળાની ઋતુમાં વાલોળ, રીંગણ, પાપડી, મરચાં, દૂધી, વગેરે ઉગાડે છે. તેનો ઉપયોગ કરે છે. વસાવાઓ માંસાહાર કરે છે તેમાં માછલી, મરઘી, બકરાનુ માંસ ગણાવી શકાય.

વ્યસનો :

મુખ્ય વ્યસન દારૂનું ગણાવી શકાય. બીડીનું પ્રમાણ ખરું. ધાર્મિક સંપ્રદાયોની અસરથી કેટલાંક કુટુંબોએ આવાં વ્યસનોમાંથી મુક્તિ મેળવી છે.

પહેરવેશ :

વસાવા પુરુષો ખમીશ, ઘૂંટણ સુધીની ધોતી માથે રૂમાલ કે ટોપી પહેરે છે. સ્ત્રીઓ કબજો, ઓઢણી, કાળી ચળકતી કિનારવાળી સાડી પહેરે છે. બાળકો અને યુવાનોમાં આધુનિક કહી શકાય તેવાં કપડાંનું પ્રમાણ વધુ જોવા મળે છે. જ્યારે પરિણીત અને વૃધ્ધોમાં પરંપરાગત પોશાકનું પ્રમાણ યથાવત રહ્યું છે એમ કહી શકાય.

ઘરેણાં :

વસાવા લોકો ઘરેણાંના શોખીન છે. પુરુષો કાનમાં ચાંદી કે કથીરનાં લવિગીયાં કે હાથે વીંટી પહેરે છે. સ્ત્રીઓ હાથે બંગડી, ગળામાં કડી, પગમાં કલ્લાંનો ઉપયોગ કરે છે. યુવાન સ્ત્રીઓ પ્લાસ્ટીકની બંગડીઓ, પીનો, માળા વગેરેનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરે છે.

આર્થિક જીવન :

વસાવાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ સિવાય ખેતમજૂરી, છૂટક મજૂરી, જંગલમજૂરી, પશુપાલન, છૂટક વ્યાપાર, નોકરી જેવા સ્ત્રોતો મારફત આવક મેળવે છે.

ખર્ચ :

વસાવાનું ખર્ચનું માળખુ તેમની આવકના પ્રમાણમાં હોય છે. તેમના મુખ્ય ખર્ચમાં ખોરાક ઉપરાંત કપડાં, મુસાફરી, બંટ, ચંપલ, દવાદારૂ, બળતણ, સામાજિક રીતરિવાજો, ધાર્મિક પ્રસંગો ગણી શકાય.

કુટુંબ :

વસાવામાં કુટુંબ પિતૃસત્તાક, પિતૃવંશીય હોય છે. કુટુંબ મુખ્યત્વે વિભકત પ્રકારનાં હોય છે. તેમજ સંયુકત પ્રકારના ઓછી સંખ્યામાં હોય છે. સંયુકત કુટુંબો મુખ્યત્વે તો મિલકતને કારણે સંયુકત હોય છે. કુટુંબોમાં સ્ત્રીઓ અને ખાસ કરીને યુવાન સંતાનોનું મહત્વ પણ જોવા મળે છે. પિતા ઘરના સભ્યોને દોરવણી આપે છે.

તપાસેલ કુટુંબોમાં કુટુંબની સ્થિતિ તપાસીએ તો તમામ કુટુંબો વસાવા જાતિની પેટા જાતિઓ વસાવા, પાળવી, અને ગામીત/ગાવિત જાતિનાં જોવાયાં હતાં.

તપાસેલ કુટુંબોમાં કુલ સભ્યસંખ્યા ૮૮ની હતી. ૫૦ પુરુષો અને ૩૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. જમીનના કદ મુજબના કુટુંબોદીઠ પુરુષ-સ્ત્રી સભ્યોની સંખ્યા કોઠામાં બતાવવામાં આવી છે. આ ઉપરાંત ત્રણ તપાસમાં ખેતમજૂરી કરતાં અને ખેતી કરતાં કુટુંબોમાં સભ્યસંખ્યા મુજબ કુટુંબનું કદ બતાવવામાં આવ્યું છે. ત્રણ તપાસમાં ખેતી કરતા કુટુંબોનું કદ મોટું હોવાનું જોઇ શકાય છે.

૧૯૯૦ની તપાસમાં તપાસેલ કુટુંબોના સભ્યોનું વયજૂથ, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક સ્તર અને વ્યવસાયની સ્થિતિ દર્શાવતા કોઠા રજૂ કરવામાં આવ્યા છે.

કોઠો

તપાસેલ કુટુંબના સભ્યોનું જાતિ મુજબ વર્ગીકરણ

| જમીનનું કદ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| જીમનવિહોણા | ૧૪ | ૧૦ | ૨૪ |
| ૦૦.૦૧થી ૫.૦૦ | ૨૧ | ૧૫ | ૩૬ |
| ૫.૦૧થી ૧૦.૦૦ | ૮ | ૭ | ૧૫ |
| ૧૦.૦૧થી ૧૫.૦૦ | ૪ | ૨ | ૬ |
| ૧૫.૦૧થી વધુ | ૪ | ૩ | ૭ |
| કુલ | ૫૦ | ૩૮ | ૮૮ |

કોઠો

કોઠો

કુટુંબનું કદ (૧૯૬૯, ૧૯૭૯, ૧૯૯૦)

| કુટુંબદીઠ સભ્યસંખ્યા | ખેતી કરતાં કુટુંબો | | | ખેત મજૂરી કરતાં કુટુંબો | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૯૦ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૯૦ |
| ૧-૩ | ૩ | ૭ | ૩ | ૩ | ૩ | ૨ |
| ૪-૬ | ૧૨ | ૯ | ૮ | ૩ | ૭ | ૨ |
| ૭-૯ | ૬ | ૪ | ૨ | ૭ | ૨ | ૧ |
| ૧૦થી વધુ | ૧૩ | ૫ | - | - | ૧ | - |
| કુલ | ૩૪ | ૨૫ | ૧૩ | ૧૩ | ૧૩ | ૫ |

કોઠો

તપાસેલ કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો

| જમીનનું કદ | પરિણીત | | અપરિણીત | | છૂટાછેડા | | વિધુર | વિધવા |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | |
| જમીનવિહોણા | ૬ | ૪ | ૬ | ૬ | - | - | ૨ | - |
| ૦૦.૦૧થી૫.૦ | ૧૧ | ૧૧ | ૮ | ૫ | - | - | ૧ | - |
| ૫.૧થી૧૦.૦ | ૫ | ૫ | ૩ | ૧ | - | - | - | ૧ |
| ૧૦.૧થી૧૫.૦ | ૨ | ૨ | ૨ | - | - | - | - | - |
| ૧૫.૧થી વધુ | ૩ | ૩ | ૧ | - | - | - | - | - |
| કુલ | ૨૭ | ૨૫ | ૨૦ | ૧૨ | - | - | ૩ | ૧ |

તપાસેલ કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ

| જમીનનું કદ | કુટુંબસંખ્યા | ૦થી ૬ વર્ષ | | | ૭થી ૧૫ વર્ષ | | | ૧૬થી ૩૫ વર્ષ | | | ૩૬થી ૫૦ વર્ષ | | | ૫૧થી ૬૦ વર્ષ | | | ૬૧થી વધુ વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| જમીનવિહોણા | ૫ | ૨ | - | ૨ | ૩ | ૩ | ૬ | ૨ | ૩ | ૫ | ૨ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | - | - | - |
| ૦.થી ૫.૦૦ | ૭ | - | ૩ | ૩ | ૪ | ૨ | ૬ | ૧૦ | ૬ | ૧૬ | ૫ | ૫ | ૧૦ | - | - | - | ૧ | - | ૧ |
| ૫.૧થી ૧૦.૦ | ૩ | - | - | - | ૧ | - | ૧ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૩ | ૧ | - | ૧ | ૧ | ૨ | ૩ |
| ૧૦.૧થી ૧૫.૦ | ૧ | ૨ | - | ૨ | - | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | - | - | - | - | - | - |
| ૧૫.૧થી વધુ | ૨ | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | - | - | - | ૧ | ૧ | ૨ |
| કુલ | ૧૮ | ૫ | ૩ | ૮ | ૮ | ૫ | ૧૩ | ૧૮ | ૧૪ | ૩૨ | ૧૧ | ૧૧ | ૨૨ | ૫ | ૨ | ૭ | ૩ | ૩ | ૬ |

## આર્થિક સ્થિતિ :

વસાવાની આર્થિક સ્થિતિની તપાસમાં પ્રથમ તેમના વ્યવસાયની વિગતોમાં તેઓ મુખ્ય ખેતી સાથે સંકળાયેલા હતા. પરંતુ ખેતી જ આર્થિક રીતે પોષણક્ષમ નથી. યા તો કુટુંબના સભ્યોનું વર્ષ દરમિયાન પોષણ મળી રહે એટલું ઉત્પન્ન પેદા ન થઇ શકવાના કારણે તેમણે અન્ય પૂરક વ્યવસાયો તરફ વળવું પડે છે. સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ ખેતી પછીનો બીજો વ્યવસાય પશુપાલન સ્વીકારે છે. પરંતુ મોહિની ગામના વસાવા પશુપાલનના બદલે સુરત, નવસારી, બારડોલી, ઉધના સહિતનાં અન્ય સ્થળોએ મજૂરી શોધમાં જાય છે. ત્યાં છૂટક મજૂરી કરે છે. અથવા જમીનદારોને ત્યાં ખેતમજૂર તરીકે રહી ખેતી કરે છે. અને આ રીતે આવક મેળવે છે. મોહિની ગામ ઉંડાણનું ગામ હોવાથી માળખાકીય સગવડો નહીંવત છે. તેથી અન્ય ઉદ્યોગ માટેની શક્યતાઓ પણ નથી. તેથી સ્થળાંતર જ નજીકનો માર્ગ હોવાનું માને છે.

૧૯૯૦ની તપાસમાં લીધેલાં કુટુંબના વડાઓમાં ૧૨ સભ્યો ખેતી, ૫ સભ્યો ખેતમજૂરી, ૧ સભ્ય છૂટક મજૂરી અને ૨ સભ્યો વૃદ્ધાવસ્થાને કારણે નિવૃત જીવન ગાળતા હતા.

કોઠો

તપાસેલ કુટુંબના વડાના વ્યવસાય

| જમીનનું કદ | ખેતી | ખેતમજૂરી | છૂટક મજૂરી | નિવૃત | અન્ય |
|---|---|---|---|---|---|
| જમીનવિહોણા | ૧ | ૨ | - | ૨ | - |
| ૦૦.૦૧થી ૫.૦૦ | ૬ | ૩ | ૧ | ૧ | - |
| ૫.૦૧થી ૧૦.૦૦ | ૨ | - | - | ૧ | - |
| ૧૦.૦૧થી ૧૫.૦ | ૧ | - | - | - | - |
| ૧૫.૦૧થી વધુ | ૨ | - | - | - | - |
| કુલ | ૧૨ | ૫ | ૧ | ૪ | - |

તપાસેલ કુટુંબોનો વ્યવસાયિક દરજ્જો તપાસીએ તો તમામ કુટુંબોમાં કમાનાર, કમાનાર આધારિત અને નહીં કમાનાર સભ્યોની સ્થિતિ તપાસીએ તો કમાનાર સભ્યો મુખ્યત્વે પુરુષો હતા. જયારે કમાનાર આધારિતના પ્રકારમાં પુરુષ સભ્યોની સંખ્યા કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ હતી. છેવટ નાના બાળકો, વૃધ્ધો, અભ્યાસ કરતા સભ્યો કુટુંબ માટે કોઇ આવક મેળવતા નથી. તેમાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓની સંખ્યા કરતાં વધુ છે.

કોઠો

તપાસેલ કુટુંબોના સભ્યોના વ્યવસાયિક દરજ્જો

| જમીનનું કદ | કમાનાર | | કમાનાર આધારિત | | નહીં કમાનાર | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| જમીનવિહોણા | ૫ | - | ૩ | ૮ | ૬ | ૨ |
| ૦૦.૦૧થી ૫.૦૦ | ૭ | - | ૫ | ૧૧ | ૮ | ૫ |
| ૫.૦૧થી ૧૦.૦૦ | ૩ | - | ૩ | ૩ | ૨ | ૪ |
| ૧૦.૦૧થી ૧૫.૦૦ | ૧ | - | ૧ | ૧ | ૨ | ૧ |
| ૧૫.૦૧થી વધુ | ૨ | - | ૧ | ૩ | ૧ | - |
| કુલ | ૧૮ | - | ૧૩ | ૨૬ | ૧૯ | ૧૨ |

આવક :

તપાસેલ કુટુંબના સભ્યો પોતાના મુખ્ય અને ગૌણ વ્યવસાયોમાંથી જે આવક મેળવે છે તેનો કુટુંબની આવકમાં સમાવેશ થાય છે. મોહિની ગામની અગાઉની બંને તપાસોમાં તપાસેલ કુટુંબો ખેતી અને પશુપાલન, મજૂરી, જંગલ પેદાશ અને જંગલ મજૂરી, નોકરી તેમજ આ સિવાયની અન્ય આવક દ્વારા આવક મેળવતા હતા.

અત્યાર સુધીની ત્રણે તપાસોમાં તપાસેલ કુટુંબના સભ્યોએ કુટુંબદીઠ અને વ્યકિતદીઠ આવક જુદા જુદા વ્યવસાયોમાંથી મેળવી હતી. તેની વિગતોને તપાસીએ તો ખેતી અને પશુપાલનમાંથી આવક મેળવનાર ખેતી કરતાં કુટુંબોની સ્થિતિ જોઇએ તો પ્રથમ તપાસની સરખામણીમાં બંને તપાસમાં કુટુંબદીઠ અને વ્યકિતદીઠ આવકમાં વધારો નોંધાયો હતો. અલબત્ત ૧૯૭૯ની તપાસની સ્થિતિ કરતાં ૧૯૯૦ની સ્થિતિમાં નોંધમાત્ર વધારો થયેલો જોઇ શકાય છે. જ જયારે ખેતમજૂરી કરતાં કુટુંબોમાં છેલ્લી તપાસમાં કુટુંબદીઠ અને વ્યકિતદીઠ આવકમાં સારો એવો વધારો જોવા મળે છે.

મજૂરીના સ્ત્રોત દ્વારા થતી આવકની સ્થિતિ જોઇએ તો બંને પ્રકારનાં કુટુંબોમાં મજૂરી દ્વારા મેળવાતી આવકમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. તેમજ અગાઉની બંને તપાસોની સરખામણીમાં છેલ્લી તપાસમાં મજૂરીની આવક ઘણી વધુ હોવાનું પણ જોવા મળે છે.

મોહિની ગામની આસપાસ અગાઉ જે ગાઢું જંગલ હતું જે લગભગ નાશ પામ્યાની સ્થિતિમાં છે. ત્યાં જંગલની ગૌણ પેદાશો, બળતણનું લાકડું તેમજ અન્ય જંગલ મજૂરી દ્વારા આ કુટુંબો જે આવક મેળવતાં હતાં તે પણ બંને પ્રકારનાં કુટુંબોમાં ઉત્તરોત્તર ઘટતી રહી છે. છેલ્લી તપાસમાં જંગલમજૂરીની આવક મુખ્યત્વે બળતણનાં લાકડાંમાં બજાર ભાવે ગણવાને કારણે વધુ આવક જોવા મળે છે. પરંતુ બળતણ સિવાય અન્ય લાભ થતો નથી.

નોકરી દ્વારા મેળવાતી આવકમાં કોઇ પ્રોત્સાહક પ્રવૃત્તિ નથી. ૧૯૯૦ની તપાસ વખતે જમીનવિહોણા ખેતમજૂરોના પ્રકારમાં ૧ વ્યક્તિ નોકરી કરતી જોવા મળી હતી. તેમજ હાલના ઉંચા પગારધોરણને કારણે તેમની કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ આવકમાં વધારો જોવા મળે છે.

તપાસેલ કુટુંબોમાં બધા સ્ત્રોતો દ્વારા મેળવેલ આવકની સ્થિતિ ખેતી કરતાં કુટુંબોના સંદર્ભમાં જોઇએ તો ૧૯૬૯ની તપાસ વખતે આવક સારી હતી પરંતુ ૧૯૭૯ની તપાસમાં પરિસ્થિતિ ખૂબ નબળી બની હતી. છેલ્લી તપાસમાં તેમાં સારો સુધારો થયેલો પરંતુ ૧૯૬૯ની તપાસની સરખામણીમાં ખાસ પ્રગતિ નથી. એજ પ્રમાણેની પરિસ્થિતિ ખેતમજૂરી કરતાં પ્રકારના કુટુંબોની છે.

છેલ્લી તપાસમાં તપાસેલ કુટુંબોએ જુદા જુદા સ્ત્રોતો દ્વારા જે આવક મેળવી હતી તેમાં પ્રથમ દૃષ્ટિએ જોઇએ તો ૧૦.૦૦ એકર સુધીની જમીન ધરાવનાર કુટુંબોની સરખામણીમાં જમીનવિહોણા કુટુંબોની મજૂરી દ્વારા મેળવેલી આવક વધુ હતી. જે સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. તેમજ ૧૦થી ૧૫ એકર જમીન ધરાવનાર કુટુંબોની આવક પણ મજૂરી દ્વારા આવક મેળવનાર કુટુંબો કરતાં નોંધપાત્ર વધુ હતી.

ત્રણ તપાસમાં ખેતી/ મજૂરી કરતા કુટુંબોનું આવકનું મુજબ વર્ગીકરણ માહિતી કોઠામાં આપવામાં આવી છે.

આવક (૧૯૬૯-૧૯૭૯-૧૯૯૦) (રૂ.માં)

| | ખેતી પશુપાલનની આવક | | મજૂરીની આવક | | જંગલપેદાશ/મજૂરીની આવક | | નોકરીની આવક | | અન્ય આવકો | | કુલ આવક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કુટુંબો | ખેતીકરતાં કુટુંબો | ખેતમજૂરી કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કુટુંબો | ખેતીકરતા કુટુંબો | ખેતમજૂરી કરતા કુટુંબો |
| **૧૯૬૯** | | | | | | | | | | | | |
| કુટુંબદીઠ | ૩૧૯૬ | ૧૩૭ | ૫૩૭ | ૧૪૯૦ | ૮૧ | ૬૦૨ | ૨૭ | - | ૧૨ | ૬ | ૩૯૯૪ | ૨૨૩૬ |
| વ્યક્તિદીઠ | ૫૨૯ | ૨૫ | ૮૯ | ૨૭૭ | ૧૩ | ૧૧૨ | ૧૬૮ | - | ૨ | ૧ | ૬૬૧ | ૪૧૫ |
| **૧૯૭૯** | | | | | | | | | | | | |
| કુટુંબદીઠ | ૧૧૬૨ | ૪૧ | ૫૫૫ | ૧૮ | ૧૮ | ૩૧ | - | - | ૯૦ | ૪૬ | ૧૫૧૪ | ૬૭૮ |
| વ્યક્તિદીઠ | ૧૫૨ | ૭ | ૯૨ | ૨ | ૨ | ૫ | - | - | ૧૨ | ૮ | ૧૯૮ | ૧૧૩ |
| **૧૯૯૦** | | | | | | | | | | | | |
| કુટુંબદીઠ | ૨૨૫૦.૪૬ | ૧૬૬.૨૫ | ૨૨૩૩.૮૫ | ૨૬૧૨.૦ | ૬૯.૨૩ | ૧૧૦.૦ | - | ૨૨૪૦ | - | - | ૪૬૭૫.૮૫ | ૫૯૮૦ |
| વ્યક્તિદીઠ | ૪૫૭.૧૩ | ૭૯૮ | ૪૫૩.૭૫ | ૫૪૪.૧૭ | ૧૪.૦૬ | ૨૨.૯૨ | - | ૪૬૬.૬૭ | - | - | ૯૪૯.૭૮ | ૧૨૪૫.૮૩ |

કોઠો

તપાસેલ કુટુંબોને મળેલ વાર્ષિક આવક

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખેતી | પશુપાલન | મત્સ્યોદ્યોગ | મરઘાં ઉછેર | મજૂરી/બાંધકામ | જંગલ | ખેતમજૂરી/ અન્ય મજૂરી | નોકરી | કુલ આવક | કુટુંબદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જમીનવિહોણા | ૫ | ૧૨૪૦ | ૨૭૫૦ | ૮૦૦ | ૩૦૦ | ૧૨૦૬૦ | ૫૫૦ | ૧૦૦૦ | ૧૧૨૦૦ | ૨૯૯૦૦ | ૫૯૮૦ |
| ૦૦.૧થી ૫.૦૦ | ૭ | ૯૩૫૬ | ૧૭૫૦ | ૯૯૦ | ૩૦૦ | ૧૯૭૪૦ | ૫૦૦ | ૧૯૨૦ | - | ૩૪૫૫૬ | ૪૯૩૭ |
| ૫.૦૧થી ૧૦.૦૦ | ૩ | ૧૧૦૮૦ | ૧૩૦૦ | - | ૧૫૦ | ૨૨૨૦ | ૧૫૦ | - | - | ૧૪૯૦૦ | ૪૯૬૭ |
| ૧૦.૦૧થી ૧૫.૦૦ | ૧ | ૩૧૧૦ | - | - | - | ૩૦૦૦ | - | - | - | ૬૧૧૦ | ૬૧૧૦ |
| ૧૫.૦૧થી વધુ | ૨ | ૨૬૬૦ | - | ૧૫૦ | - | ૨૧૬૦ | ૨૫૦ | - | - | ૫૨૨૦ | ૨૬૧૦ |
| કુલ | ૧૮ | ૨૭૪૪૬ | ૫૮૦૦ | ૧૯૪૦ | ૭૫૦ | ૩૯૧૮૦ | ૧૪૫૦ | ૨૯૨૦ | ૧૧૨૦૦ | ૯૦૬૮૬ | ૫૦૩૮ |
| કુટુંબદીઠ | | ૧૫૨૪.૭૭ | ૩૨૨.૨૨ | ૧૦૭.૭૭ | ૪૧.૬૭ | ૨૧૭૬.૬૭ | ૮૦.૫૬ | ૧૬૨.૨૨ | ૬૨૨.૨૨ | ૫૦૩૮.૧૧ | ૧૦૩૦.૫૨ |

કોઠો

આવકજૂથ મુજબ કુટુંબોનું વર્ગીકરણ

| કુટુંબ પ્રકાર | ૧૦૦૦સુધીની આવક | | | ૧૦૦૧થી ૨૦૦૦ સુધી આવક | | | ૨૦૦૧થી ૩૫૦૦ સુધી આવક | | | ૩૫૦૧થી ૫૦૦૦સુધી આવક | | | ૫૦૦૧થી૬૯૯૯સુધી | | | ૭૦૦૦થી વધુ આવક | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૬૯ | ૭૯ | ૯૦ | ૬૯ | ૭૯ | ૯૦ | ૬૯ | ૭૯ | ૯૦ | ૬૯ | ૭૯ | ૯૦ | ૬૯ | ૭૯ | ૯૦ | ૬૯ | ૭૯ | ૯૦ |
| ખેતી કરનાર કુટુંબોની સંખ્યા | ૧૧ | - | - | ૧૬ | ૬ | ૧ | ૫ | ૮ | ૪ | ૧ | ૮ | ૪ | ૧ | - | ૪ | - | ૩ | - |
| ખેતમજૂરી કરનાર કુટુંબોની સંખ્યા | ૧૨ | ૧ | - | ૧ | ૩ | - | - | ૮ | ૩ | - | ૧ | - | - | - | ૧ | - | - | ૧ |

ખર્ચ :

વસાવા કુટુંબોએ મેળવેલ આવકનું તૃણ તપાસમાં પ્રમાણ તપાસતાં છેલ્લી તપાસમાં થયેલો વધારો સુખદ સ્થિતિ દર્શાવે છે. પરંતુ ખરેખર તેમના ખર્ચનું માળખું તપાસીએ તો વધેલી આવકના પ્રમાણમાં ખર્ચનું પ્રમાણ ઘણું વધી જાય છે. મજૂરીના સરખામણીમાં ઊંચા દરો સારી આવકની સ્થિતિ દર્શાવે પરંતુ જીવનજરૂની પોતાની ચીજવસ્તુઓના વધતા જતા ભાવ દેખાતી સારી સ્થિતિને બદતર સ્થિતિમાં મૂકી દે છે. તેવું કોઠામાં દર્શાવેલ આંકડાઓ જોતાં જણાય છે.

વસાવા કુટુંબો તેમની આવક મુજબ જ ખર્ચ કરે છે તેમાં અનાજ, શાકભાજી, માંસ, ઈંડાં, દૂધ, કઠોળ, ગોર, તેલ, ચા, ગરમમસાલા, તમાકુ, બીડી, બળતણ, દિવાસળી, અન્ય ખરીદી, મુસાફરી, કપડાં, પગરખાં, દવાદારૂ, અન્ય સેવાઓ સહિત સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં તેઓ અનાજ, શાકભાજી, દૂધ અને બળતણ પોતાના ઘરમાંથી તેમજ રોકડથી ખરીદીને ઉપયોગ કરે છે.

વસાવા કુટુંબોની આવકનો મુખ્ય ભાગ ખોરાક પાછળ ખર્ચ થાય છે. આ સિવાય ખાંડ, તેલ, બળતણ તેમજ કપડાં, મુસાફરી અને સામાજિક ધાર્મિક પ્રસંગોમાં વધુ થાય છે. છેલ્લી તપાસમાં તપાસેલ કુટુંબોમાં જમીનના કદ મુજબનાજૂથનાં કુટુંબોમાં ખર્ચ માળખાના આંકડા આપવામાં આવ્યા છે. તેમજ તૃણ તપાસમાં તપાસેલ કુટુંબોમાં કુટુંબદીઠ અને વ્યકિતદીઠ આવક અને ખર્ચની રકમ બતાવવામાં આવી છે.

આવક- ખર્ચ :

સામાન્ય રીતે કુટુંબના ખર્ચનો આધાર કુટુંબની સભ્યસંખ્યા તેમજ કુટુંબની આવકના પ્રમાણમાં હોય છે. પરંતુ ઘણીવાર આવકની સરખામણીમાં કુટુંબની સભ્યસંખ્યા વધુ હોય યા તો અમુક પ્રકારના ખર્ચ કરવા સિવાયનો કોઇ વિકલ્પ ન મળે એવા સંજોગોમાં આવાં કુટુંબોમાં આવક ખર્ચની અસમાનતા સર્જાય છે. એટલે કે આ કુટુંબોની આવક સામે ખર્ચનું પ્રમાણ વધી જાય છે આ પ્રમાણેની પરિસ્થિતિ કુટુંબો માટે ઘણા પ્રશ્નો ઊભા કરે છે. આવાં કુટુંબો કાંતો બિનઉત્પાદકીય પ્રકારના દેવામાં ફસાઇ જાય છે અથવા તો ભવિષ્યમાં ઉત્પાદકીય/બિનઉત્પાદકીય ક્ષેત્રમાં મૂડી રોકાણ કરવાની શકયતા નામશેષ થઇ જાય છે. જે પ્રગતિ માટેના મહત્વના અવરોધક છે.

૧૯૬૯ અને ૧૯૯૦ની તપાસમાં બને પ્રકારનાં કુટુંબો એટલે કે ખેતી કરતાં કુટુંબો અને ખેતમજૂરી કરતાં કુટુંબોમાં આવક કરતાં ખર્ચ વધતું હોય તેની ટકાવારી વધતી જોવા મળે છે.

કોઠો

તપાસેલ કુટુંબોનું વાર્ષિક ખર્ચ માળખુ (ખોરાક)

| જમીનનું કદ | અનાજ ઘરમાંથી | અનાજ રોકડા | ઉધાર | સાટા | શાકભાજી ઘરમાંથી | શાકભાજી રોકડા | સાટા | માંસ ઈંડા ઘરમાંથી | માંસ ઈંડા રોકડ | દૂધ ઘરમાંથી | દૂધ રોકડ | ખાંડ | ગોળ | તેલ | ચા | ગરમમસાલા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જમીનવિહોણા | ૩૨૪૦ | ૯૭૬૦ | - | - | - | ૪૫૦ | - | ૪૦૦ | ૫૦ | - | ૪૦૦ | ૩૫૨ | ૧૦૯ | ૩૮૦ | ૧૧૫ | ૮૫ |
| ૦૦.૧થી૫.૦૦ | ૮૨૩૬ | ૪૩૦૦ | ૫૦૦ | ૫૩૪ | ૧૭૫ | ૪૭૫ | ૫૦ | ૫૫૦ | ૫૦ | ૨૦૦ | ૧૬૫ | ૬૪૦ | ૧૫૫ | ૪૬૫ | ૧૭૦ | ૧૨૫ |
| ૫.૦૧થી૧૦.૦૦ | ૭૨૩૦ | ૫૫૦ | - | - | ૩૦૦ | - | ૨૫૦ | - | ૩૫૦ | ૫૦ | ૩૭૫ | ૫૦ | ૩૮૦ | ૧૩૦ | ૧૩૦ | ૮૦ |
| ૧૦.૦૧થી ૧૫.૦૦ | ૧૮૬૦ | ૧૪૦ | - | - | ૧૦૦ | - | - | - | - | ૧૦૦ | ૧૫૦ | ૫૦ | ૧૫૦ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ૧૫.૦થી ઉપર | ૨૬૩૦ | ૮૦૦ | ૨૦૦ | ૯૦ | - | ૧૧૦ | ૪૦ | ૧૫૦ | - | - | ૫૦ | ૧૨૦ | ૩૫ | ૧૦૦ | ૪૦ | ૨૦ |
| કુલ | ૨૩૧૯૬ | ૧૫૫૫૦ | ૭૦૦ | ૬૨૪ | ૧૭૫ | ૧૪૩૫ | ૯૦ | ૧૩૫૦ | ૧૦૦ | ૫૫૦ | ૭૬૫ | ૧૬૩૭ | ૩૯૯ | ૧૪૭૫ | ૪૮૦ | ૩૩૫ |

કોઠો... ચાલુ

| ક્રમ | દારૂ | તમાકુ/બીડી | બળતણ રોકડ | બળતણ ઘરમાંથી | દિવાસળી | અન્ય ખરીદી | મુસાફરી | કપડાં | પગરખા | દવાદારૂ | અન્ય સેવાઓ | સામાજિક ધાર્મિક | કુલ ખર્ચ | કુટુંબદીઠ ખર્ચ | વ્યકિતદીઠ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૦૦ | ૧૦૫ | ૨૦૦ | ૫૦૦ | ૬૦ | ૪૨૦૦ | ૬૭૫ | ૨૫૨૫ | ૧૯૦ | ૧૦૫૦ | ૫૦ | ૨૨૦૦ | ૨૭૧૯૬ | ૫૪૩૯.૨ | ૧૧૩૩.૧૬ |
| ૨. | ૧૫૦ | ૧૯૦ | ૨૮૦ | ૬૦૦ | ૧૦૦ | ૪૭૫૦ | ૧૦૬૦ | ૩૮૦૦ | ૫૦ | ૮૪૦ | - | ૨૧૪૫ | ૩૦૭૪૫ | ૪૩૯૨.૧૪ | ૮૫૪.૦૩ |
| ૩. | - | ૫૦ | ૧૬૦ | ૧૦૦ | ૫૦ | ૧૭૦૦ | ૫૭૫ | ૨૪૦૦ | ૧૫૦ | ૬૦૦ | ૨૫ | ૧૨૦૦ | ૧૬૭૫૫ | ૫૫૮૫ | ૧૧૧૭ |
| ૪. | - | ૪૦ | ૭૫ | - | ૧૦ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૦૦૦ | ૨૦૦<br>૫૦ | ૧૦૦૪ | ૨૦૦ | ૧૨૭૫ | ૪૨૭૫ | ૫૨૭૫ | ૮૭૯.૧૭ |
| ૫. | - | ૩૦ | ૪૫ | ૨૫૦ | ૨૦ | ૭૦૦ | ૫૦ | ૧૫૦ | - | ૧૦૦ | - | ૧૫૦ | ૫૮૮૦ | ૨૯૪૦ | ૮૪૦ |
| | ૨૫૦ | ૪૦૫ | ૭૬૦ | ૧૪૫૦ | ૨૪૦ | ૧૨૩૫૦ | ૨૫૬૦ | ૯૮૭૫ | ૪૪૦ | ૨૬૯૦ | ૭૫ | ૫૮૯૫ | ૮૫૮૫૧ | ૪૭૬૯.૫ | ૯૭૫.૫૮ |

કોઠો

આવક અને ખર્ચ

| વિગત | આવક ૧૯૬૯ | આવક ૧૯૭૯ | આવક ૧૯૯૦ | ખર્ચ ૧૯૬૯ | ખર્ચ ૧૯૭૯ | ખર્ચ ૧૯૯૦ |
|---|---|---|---|---|---|---|
| ખેતી કરતાં કુટુંબો | | | | | | |
| કુટુંબદીઠ | ૧૫૧૪ | ૩૯૯૪ | ૪૬૭૫.૮૫ | ૧૩૮૯ | ૪૧૪૧ | ૪૫૧૧.૯૨ |
| વ્યકિતદીઠ | ૧૯૮ | ૬૬૧ | ૨૫૩૨.૭૫ | ૧૮૧ | ૬૮૫ | ૯૧૬.૪૮ |
| ખેતમજૂરી કરતાં કુટુંબો | | | | | | |
| કુટુંબદીઠ | ૬૭૮ | ૨૨૩૬ | ૫૯૮૦ | ૬૯૪ | ૨૩૨૭ | ૫૪૩૯.૨ |
| વ્યકિતદીઠ | ૧૧૩ | ૪૧૫ | ૧૨૪૫.૮૩ | ૧૧૫ | ૪૩૨ | ૧૧૩૩.૧૬ |

કોઠો

આવક કરતાં ખર્ચ વધી જતું હોય તેવાં કુટુંબો

| વિગત | ૧૯૬૯ | | ૧૯૭૯ | | ૧૯૯૦ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ખેતી કરતાં કુટુંબોની સંખ્યા | ૧૪ | ૫૬ | ૧૪ | ૧૪.૨ | ૯ | ૬૯.૨૩ |
| કુલ કુટુંબ સંખ્યા | ૨૫ | | ૩૪ | | ૧૩ | |
| ખેતમજૂરી કરતાં કુટુંબોની સંખ્યા | ૮ | ૭૧.૫ | ૬ | ૪૬.૧ | ૩ | ૬૦.૦ |
| કુલ કુટુંબ સંખ્યા | ૧૩ | | ૧૩ | | ૫ | |

## દેવું :

સામાન્ય રીતે દેવા વિષે એવી માન્યતા છે કે આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધી જતાં આવક ખર્ચને સરભર કરવા માટે દેવું કરવાનો માર્ગ અપનાવવો પડે છે. આ વાત સાચી છે પરંતુ પૂરતી નથી. દેવું બે પ્રકારનું હોય છે. જેમાં ઉત્પાદકીય અને બિનઉત્પાદકીય દેવું. જેમાં ઉત્પાદકીય પ્રકારનું દેવું સાહસિકતા અને પ્રગતિ સૂચવે છે જયારે બિનઉત્પાદકીય દેવું વધતા જતા ખર્ચને પહોંચી વળવા યા આકસ્મિક પ્રસંગ ઉપસ્થિત થતાં, માંદગી, સામાજિક, ધાર્મિક પ્રસંગને કારણે થાય છે. વળી દેવું માત્ર રોકડ જ હોય છે એવું પણ નથી. દેવું વસ્તુના રૂપમાં પણ હોય છે. દા.ત. બિયારણ, ખાતર વગેરે લાવ્યા. અહીં દેવામાં રોકડ રકમ નથી પરંતુ વસ્તુ છે.

અત્યાર સુધીની ત્રણે તપાસોમાં કુટુંબદીઠ અને વ્યકિતદીઠ કુલ દેવાની સ્થિતિ તપાસીએ તો ખેતી કરતાં અને ખેતમજૂરી કરતાં કુટુંબોમાં દેવાની રકમની ટકાવારી વધતી જાય છે. તેમજ બંને પ્રકારના કુટુંબોમાં છેલ્લી તપાસ દરમિયાન વ્યકિતદીઠ/ કુટુંબદીઠ દેવાની રકમમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળે છે.

## મૂડીરોકાણ :

દેવાની સ્થિતિના કારણોની ચર્ચામાં જોયું કે બિનઉત્પાદકીય અને ઉત્પાદકીય પ્રકારનું હોય છે. સામાન્ય રીતે કોઇપણ ક્ષેત્રમાં કરેલુ મૂડીરોકાણ એ ઉત્પાદકીય ગણી શકાય. જો કે ખરા અર્થમાં ઉત્પાદકીય દેવું તો જેમાંથી ઉત્પાદન થવાનું છે તેવા હેતુ માટેના દેવાને ગણાવી શકાય.

છેલ્લી તપાસમાં તપાસેલ કુટુંબોએ નવા મકાનનું બાંધકામ/સમારકામ, જમીન સુધારણા, જમીન ખરીદી, પશુખરીદી અને કૂવા બાંધકામ જેવા હેતુઓ માટે મૂડી રોકાણ કર્યું હતું.

તપાસેલ કુટુંબો તેમની આર્થિક સ્થિતિ જોતા આ મૂડીરોકાણ માત્ર તેમની બચતમાંથી ન થઇ શકે એ તદ્દન સ્વાભાવિક બાબત છે. તો આ મૂડી કેવી મેળવવામાં આવી ? તેની વિગતો પણ આ કોઠામાં જોઇ શકાય છે. સૌથી મોટું મૂડીરોકાણ પશુ ખરીદવા પાછળ થયેલું જોવા મળે છે. જયારે સૌથી ઓછું મૂડી રોકાણ કૂવાના બાંધકામ માટે કર્યું હતું.

કોઠો

દેવું

| | | રોકડમાં | | વસ્તુના રૂપમા | | કુલ દેવું | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુટુંબદીઠ | વ્યક્તિદીઠ | કુટુંબદીઠ | વ્યક્તિદીઠ | કુટુંબદીઠ | વ્યક્તિદીઠ |
| ખેતી કરતાં કુટુંબો | ૧૯૬૯ | ૩૪૯.૨ | ૫૭.૯ | ૧૭૫.૦ | ૨૮.૯ | ૫૨૪.૩ | ૮૬.૮ |
| | ૧૯૭૯ | ૮૯.૨ | ૧૧.૭ | ૧૧૫.૮ | ૧૫.૧ | ૨૦૫.૫ | ૨૬.૮ |
| | ૧૯૯૦ | ૪૨૬.૧૫ | ૮૬.૫૬ | ૧૩૩.૩૩ | ૩૭.૫ | ૬૧૦.૭૭ | ૧૨૪.૦૬ |
| ખેતમજૂરી કરતાં કુટુંબો | ૧૯૬૯ | ૧૫૩.૮ | ૨૮.૫ | ૯૯.૧ | ૧૮.૪ | ૨૫૩.૦ | ૧૯.૮ |
| | ૧૯૭૯ | ૨૩.૦ | ૩.૮ | ૪૦.૭ | ૬.૭ | ૬૩.૮ | ૧૦.૬ |
| | ૧૯૯૦ | ૧૦૦૦ | ૨૦૮.૩૩ | - | - | ૧૦૦૦ | ૨૦૮.૩૩ |

રોકાણ માટેની જરૂરી નાણાં મેળવવાનાં સાધન

| ક્રમ | વિગત | સ્વયં બચત | બેંક પાસેથી ધિરાણ | સહકારી મંડળી | શાહુકાર પાસેથી | સગાસંબંધી પાસેથી | અસ્કયામત વેચીને | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | નવા મકાનનું બાંધકામ | - | - | - | - | - | - | - | - |
| ૨. | મકાન સમારકામ | ૨૦૦૦ | - | - | ૧૦૦૦ | - | - | - | ૩૦૦૦ |
| ૩. | જમીન સુધારણા | - | - | - | - | - | - | - | - |
| ૪. | ઢોર ખરીદી | ૪૦૦૦ | - | - | ૫૦૦૦ | ૨૦૦૦ | - | - | ૧૧૦૦૦ |
| ૫. | નવી જમીન ખરીદી | ૧૪૦૦ | - | - | - | - | - | - | ૧૪૦૦ |
| ૬. | કૂવા બાંધકામ | ૧૦૦૦ | - | - | - | - | - | - | ૧૦૦૦ |
| ૭. | ખેતીનાં ઓજારો | - | - | - | - | - | - | - | - |
| ૮. | મોટું મૂડીરોકાણ થતું હોય તેવાં સાધનોની વિગત | - | - | - | - | - | - | - | - |
| ૯. | અન્ય | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૮૪૦૦ | - | - | ૬૦૦૦ | ૨૦૦૦ | - | - | ૧૬૪૦૦ |

## ધાર્મિક જીવન

મોહિની ગામમાં વસતાં વસાવા કુટુંબોમાં ધાર્મિક જીવનની સ્થિતિ તપાસીએ તો મુખ્ય બે-ત્રણ પ્રકાર જોવા મળે છે. પહેલા પ્રકારમાં હિંદુ વસાવા તરીકે ઓળખાતાં કુટુંબોને ગણાવી શકાય. જેમાં ગામનાં મોટી સંખ્યાનાં કુટુંબોનો સમાવેશ થાય છે. આ સિવાય ગામમાં અધર્મ સમભાવ નામે ઓળખાતો પ્રકાર છે. આ પ્રકારનાં કુટુંબો મુખ્યત્વે હિંદુ ધર્મમાં માનનારાં છે. તેઓ ભગવાન સોહમની સાધના કરે છે. આ પ્રકાર હેઠળનાં કુટુંબો જીવનમાં મોક્ષ મેળવવા માટે યોગસાધનાનો માર્ગ સ્વીકારે છે. જ્યારે ત્રીજા પ્રકારમાં 'ખ્રિસ્તી મંડળી' નામે ઓળખાતા વસાવા કુટુંબોને ગણાવી શકાય. આમ ગામમાં ધર્મ બાબતમાં મુખ્ય ત્રણ પ્રકાર જોવા મળે છે.

હિંદુ વસાવા તેમજ અધર્મ સમભાવમાં માનતાં કુટુંબો ધાર્મિક તહેવારોમાં દશેરા, દિવાળી હોળી અને અખાત્રીજ ઉજવે છે. આ તહેવારોમાં હોળીનો તહેવાર મુખ્ય છે. અલબત્ત આ તહેવારો ઉજવવા પાછળ પરંપરા હોવાનું વલણ મજબૂત રીતે જોવા મળે છે. વસાવા કુટુંબો ધાર્મિક તહેવારો ઉપરાંત ધાર્મિક વિધિઓ, દેવ દેવીઓની માનતા વગેરે જેવા પ્રસંગો બધા ભેગા મળીને ઉજવે છે.

વસાવા કુટુંબો ધાર્મિક તહેવારોની ઉજવણી કેવી રીતે કરે છે તે જાણવાનું ઉપયોગી બની રહેશે.

### દશેરા :

દશેરાના દિવસે ગામનાં બધાં કુટુંબો હનુમાનના સ્થાનક પાસે ભેગા થાય છે. અને હનુમાનને ફૂલની માળા ચઢાવે છે. કેટલાક લોકો મૂર્તિ પર દૂધ ચઢાવે છે. સામાન્ય રીતે હિંદુઓ હનુમાનને તેલ ચઢાવે છે. આમ વસાવા હિંદુ દેવની વિધિમાં પોતાની રીતે રૂપાંતર કર્યું છે એમ કહી શકાય.

દિવાળી :

અન્ય સમાજમાં દિવાળીનો તહેવાર આસો માસના છેલ્લા દિવસે ઉજવવામાં આવે છે. પરંતુ વસાવા દિવાળીનો તહેવાર બધાં ગામોમાં એક દિવસે નથી ઉજવતા. પરંતુ દરેક ગામના આગેવાનો ચોકકસ દિવસ નકકી કરે છે તે દિવસે દિવાળીની ઉજવણી કરવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન મોહિની ગામની બાજુમાં આવેલ કુયદા ગામ જે નવી વસાહત ઊભી થવાથી અસ્તિત્વમાં આવ્યું છે ત્યાં દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. વધુમાં એ નોંધવું પણ ઉપયોગી રહેશે કે દિવાળીની ઉજવણીમાં માત્ર ગામના લોકો જ ભાગ લે છે એવું નથી. આસપાસના ગામના લોકો પણ આવે છે. દિવાળીના તહેવારની ઉજવણીનું મુખ્ય પાસું છે કે તે દિવસે 'સોંઘાડયા' બોલાવવામાં આવે છે. સોંઘાડયા એક પ્રકારનો ભવાઈવેશ છે. જેમાં સોંઘાડયા ભજવનાર પાત્રો જોનારને પોતાની બોલી, વેશ નાચ દ્વારા જોનારને હસાવીને તેનું મનોરંજન કરે છે. આ કાર્યક્રમ મોડી રાત્રે શરૂ થાય છે. અને વહેલી સવાર પૂરો થાય છે. સોંઘાડયા જોવાની આદિવાસીઓમાં ખૂબ ઉત્સુકતા હોય છે. સમીસાંજથી જ આસપાસના ૮-૧૦ કિ.મી. વિસ્તારના આદિવાસીઓ પગપાળા, સાયકલ, ગાડામાં, જીપ, રીક્ષા, મોટર સાયકલ વગેરે જેવાં સાધનો દ્વારા સોંઘાડયા ભજવવાના સ્થળ પહોંચવાની શરૂઆત કરે છે. તે દિવસે ઠંડીનું પ્રમાણ ખૂબ હોવા છતાં જોનારા ઉપર તેની અસર જોવા મળતી નથી. સોંઘાડયાના સ્થળ એક પ્રકારના મેળાનું વાતાવરણ ઊભું થાય છે. આ સ્થળ શેરડી વેચવાવાળા, ચા ભજીયાંની લારીવાળા તેમજ અન્ય નાસ્તો વેચનારાઓએ પોતાનું સ્થાન જમાવેલું હતું.

સોંઘાડયા શરૂ થતાં લોકો પોતાની રીતે ગોઠવાળ જાય છે. અને સોંઘાડયાનાં પાત્રો તેમના વેશ, બોલી અને ચેનચાળા દ્વારા જોનારને સતત હસતા-બુમો પાડતા, સીટીઓ વગાડતા, કીકીયારીઓ કરતા રાખતા હતા. તેમનો અવાજ ૧ કિ.મી. દૂર આવેલા મોહિની ગામમાં સ્પષ્ટ રીતે સંભળાતો હતો. ત્યારબાદ સવારની શરૂઆત થતાં લોકોનાં ટોળટોળાં જોરજોરથી વાત કરતાં હસતા પોતાના સ્થળ પાછા ફરવાની શરૂઆત કરતા. નાના બાળકોને ઉંચકી લેવાતા. આમ દિવાળીનો તહેવાર એ આસપાસના ગામના લોકો માટે પણ એટલે જ આનંદનો પ્રસંગ હોય છે.

## હોળી :

આદિવાસીઓમાં હોળીના તહેવારનું મહત્વ ખૂબ જ છે. અને આ તહેવારનું મહત્વ તમામ વિસ્તારના આદિવાસીઓમાં જોવા મળે છે. હોળીના તહેવારના ૧૫ દિવસ અગાઉથી ગામમાં સામાજિક ઉપયોગમાં લેવાતા સ્થળે ઢોલ વગાડવાની અને હોળીનાં ગીતો ગાવાની શરૂઆત થઇ જાય છે.

હોળીના દિવસે ગામના લોકો હોળીના સ્થળે એકઠા થાય છે અને નાચે છે. સાંજે હોળી સળગાવવામાં આવે છે. આ દિવસે ગામનાં છોકરા છોકરીઓ ઘેર ઘેર ફરીને ફાગ ઉઘરાવે છે. લોકો પોતાની યથાશક્તિ મુજબ રકમ આપે છે. આ રકમ ભેગી કરવામાં આવે છે. અને ત્યારબાદ પૈસાના ધાણી ચણા લાવીને બધાને ઘેર ઘરે વહેચવામાં આવે છે. હોળીના દિવસ બાદ પણ નાચવાનું ચાલુ રહે છે. હોળીના પાંચમા દિવસે યુવાનો જુદા જુદા વેશ પહેરી ઘેરૈયા નૃત્ય કરે છે. આવા વેશમાં સ્ત્રીઓનો પોશાક પણ ધારણ કરવામાં આવે છે. ઘેરૈયાઓ ઘેર ઘેર ફરીને અનાજ પૈસા ઉઘરાવે છે. તેમજ નકકી કરેલા દિવસે ખાડીએ ભેગા થઇને પૈસામાંથી બકરું લાવી વધેરે છે. અને બકરાનું માંસ, અનાજ બધુ ભેગું કરી ત્યાં જ રાંધે છે. દારૂ પીએ છે અને ખાઇને મીજબાની માણે છે. આ રીતે હોળીના ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.

વસાવા આ મુજબ તહેવારો ઉપરાંત વર્ષ દરમિયાન કેટલાક પ્રસંગો અથવા તહેવારો ઉજવે છે.

## નદરવાની પૂજા :

ચોમાસામાં સારો વરસાદ આવે તે માટે આ પૂજા રાખવામાં આવે છે. આ દિવસે ગામના લોકો ગામ બહાર ભેગા મળી નદરવા દેવની સ્થાનકે ~~xxx~~ મરઘુ વધેરી દારૂની ધાર આપે છે. મરઘુ પૂજા કરનારને મળે છે.

## લીલુચાસુ :

ચોમાસામાં વરસાદ પડતાં લીલુ ઘાસ ઉગી નીકળે છે. પરંતુ વસાવા લીલીચારીની વિધિ કર્યા વિના આ ઘાસ પશુઓને ચરાવી શકતા નથી. આ દિવસે પણ બધા ભેગા મળીને વિધિ કરે છે. ત્યારબાદ જ પશુને આ ઘાસ ચરાવી શકાય.

વાઘદેવ :

વાઘદેવની ઉજવણીમાં પણ ગામના લોકો ભેગા મળી સ્થાનક મરઘુ વધેરી દૂધ રેડ છે. અને ત્યારબાદ દારૂની ધાર દે છે. આ તહેવાર બળેવના દિવસે ઉજવવામાં આવે છે. અલબત્ત પહેલાંના વખતમાં તો આ તહેવારની ઉજવણી વખતે ગામની કોઇ વ્યક્તિ વાઘ જેવો વેશ પહેરીને ત્યાં આવે અને એકઠા થયેલા લોકો નાની નાની સોટીથી મારે અને વાઘ નાશી જાય. આ રીતે લોકોને આનંદ મળે અને તહેવારની ઉજવણી થાય.

આ ઉપરાંત ખેતીની શરૂઆત એટલે કે ખેડની શરૂઆતમાં અને જુવારનો પાક તૈયાર થયા બાદ પણ વિધિ કરવામાં આવે છે.

વસાવા ધાર્મિક વિધિમાં ખૂબ ઊંડી શ્રધ્ધા ધરાવતા હોય છે. તેથી સામાન્ય તહેવારો ઉપરાંત કુટુંબમાં મુશ્કેલીના સમયે પણ બાધા માનવામાં આવે છે અને માનતા સિધ્ધ થતાં મરઘુ, બકરુ વધેરવામાં આવે છે અથવા પોતાની માનતા પ્રમાણે કરવામાં આવે છે.

વસાવામાં ભગતનું સ્થળ મહત્વનું માનવામાં આવે છે. ધાર્મિક વિધિઓ ઉપરાંત કૌટુંબિક મુશ્કેલીઓના સમયમાં પણ ભગત પાસે દોડી જવામાં આવે છે અને તેમના કહ્યા પ્રમાણે વિધિ કરવામાં આવે છે.

ખ્રિસ્તી વસાવાઓમા ધાર્મિક ઉજવણી :

મોહિની અને આસપાસનાં ગામોમાં લગભગ ૧૯૮૨ના વર્ષથી વસાવા કુટુંબોએ ખ્રિસ્તી ધર્મ અપનાવવાની શરૂઆત કરી છે. ક્ષેત્રકાર્ય સમયે મોહિની ગામના ૨૦ જેટલા કુટુંબના સભ્યો આ ધર્મમાં જોડાયા હતા. આ લોકોને ખ્રિસ્તી મંડળ તરીકે ઓળખવામાં આવે છે. એ નોંધવું રસપ્રદ રહેશે કે આ ધર્મમાં માનનાર કુટુંબના તમામ સભ્યો ખ્રિસ્તી બને છે એવું નથી. એક જ કુટુંબમાં એક કરતાં વધુ ધર્મ હોવાનું પણ જોવા મળ્યુ છે. ગામના સરપંચ તથા તેમનાં પત્નિ સર્વધર્મ સમભાવ ભગવાન સાહેબની પૂજા કરતા હતા. જયારે તેમની વૃધ્ધ માતા ખ્રિસ્તી ધર્મમાં માનતાં હતાં. તેમના ઘેર ભગવાન સાહેબનું અને ભગવાન ઈસુ ખ્રિસ્તનો ફોટો પાસ પાસે હતા. અલબત્ત એક ફોટા આગળ અગરબત્તી સળગાવાતી હતી.

આ કુટુંબના સભ્યો અત્યારે દર બુધવાર, શુક્રવાર અને રવિવારે રાત્રે તેમજ રવિવારે સવારે ગામના દેવળમાં અથવા તો કોઇ સભ્યના ઘેર એકઠા થતા. આ વખતે ઘંટ વગાડવામાં આવતો જેથી સભ્યો પોતાનું બાઇબલ, ગીતનું પુસ્તક, ખંજરી જેવું વાજિંત્ર વગેરે લઇને ભેગા થતા. આ વખતે સુવાર્તિક અથવા પાળક ત્યાં હાજર રહેતા. ત્યારબાદ પાળક અને ભાગ લેનારાઓ વારાફરતી ગીતો ગવડાવતા. અન્ય લોકો અને ખંજરી, તાલ, હાર્મોનિયમ જેવાં

વાજિંત્રો અને હાથની તાળીઓના તાલ સાથે ઝીલતા. આ રીતે લગભગ ૧૦-૧૨ ગીતો ગાવામાં આવતા. આ રીતે વસાવા બોલીમાં, ગુજરાતી અને હિંદીમાં ગવાતાં હતાં. ગવડાવનાર અને ગાનાર ઉચ્ચારો ત્રણ પ્રકારના ગીતોમાં સ્પષ્ટ રહેતા. વાંચી શકનાર સ્ત્રી પુરુષો ગીત પુસ્તકમાંથી જોઇને ગાતા જયારે અભણ સ્ત્રી પુરુષોએ ગીતો કંઠસ્થ કરી લીધાં હતાં. તેમનો પોતાનો લયઝ અલગ સાંભળવા મળતો. ગીતો લોકો ખૂબ જ ઉત્સાહથી ગાતા. એક અંધ ભાઇ જેમનો અભ્યાસ માટે પસંદ થયેલા કુટુંબમાં સમાવેશ થતો હતો. તેઓ ઉંચા કંઠે લયબદ્ધ ગીતો ગવડાવતા હતા. આમ આ રીતે ગીતોનો કાર્યક્રમ લગભગ ૧ કલાક ચાલતો. ત્યારબાદ પાળક બાઇબલમાંથી વાચન કરતા અને ત્યારબાદ તેના પર પોતાની આગવી રીતે છટાથી તેમના વિચારો સંભળાવતા. તેઓ વસાવા બોલીમા બોલતા હોવાથી લોકો ધ્યાનથી સાંભળતા. વચ્ચે વચ્ચે પાળક આલુલયા કહે એટલે લોકો પણ આલેલુયા કહી પ્રત્યુત્તર આપતા. આ કાર્યક્રમ લગભગ અડધો કલાક ચાલતો. છેલ્લે સમાપનમાં કોઇ વ્યકિત વ્દારા ગોળી અથવા બીજું કઇ વહેંચવા માટે લાવે તેને આશીર્વાદ આપી આભાર સ્તુતી કરીને લાભ લેનારને વહેંચવામાં આવતું. ત્યારબાદ લોકો એક બીજાને હાથ મિલાવી અથવા હાથ સિવાય સલામ કહી છૂટા પડતા. આ કાર્યક્રમ ખૂબ જ નિયમિત રીતે ચાલતો. કોઇવાર બહારથી વકતા આવતા તેઓ પણ આ સભામા પોતાના વિચારો રજૂ કરતા.

ખ્રિસ્તી વસાવા કુટુંબો પોતે ખ્રિસ્તી બન્યા હોવાથી ખ્રિસ્તી ધર્મના તહેવારો ઉજવતા. તેમજ આ ઉજવણીની રીતે અન્ય ખ્રિસ્તી લોકો જેવી રહેતી. ક્ષેત્રકાર્ય શરૂ કર્યાના થોડા દિવસો પહેલાં નાતાલની ઉજવણી કરી હતી. ક્ષેત્રકાર્ય દરમિયાન જોવા મળ્યું હતું કે દેવળમાં રંગબેરંગી કાગળનાં સુંદર તોરણો બાંધીને શોભા કરવામા આવી હતી. ભોંયતળિયું લીંપવામાં આવ્યું હતું અને દીવાલો રંગવામા આવી હતી. દેવળની બહાર ઉંચે તારો ટીંગાડવામાં આવ્યો હતો અને તેમાં લાઇટનો ગોળો લગાડયો હતો. નાતાલની પૂર્વ રાત્રીએ એટલે કે ૨૪મી ડીસેમ્બરે મધ્યરાત્રીએ બધા લોકો આ દેવળમાં ભેગા મળીને ગીતો ગાઇને તથા બાઇબલ વાંચન અને મનન વ્દારા ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નાતાલ ઉપરાંત નવું વર્ષ, પાસ્ખાપર્વ જેવા મુખ્ય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

આ ઉપરાંત કેટલાક લોકો દર શુક્રવારના દિવસે ઉપવાસ કરતા અને શુક્રવારની રાતે ખાતા. ક્ષેત્રકાર્ય દરમિયાન એવું પણ જોવા મળ્યું હતું કે સખત મજૂરી કરનાર સ્ત્રીઓ પણ આ ઉપવાસ કરતી હતી.

મોહિની ગામમાં ખ્રિસ્તી ધર્મના ઉદભવથી વસાવા જાતિના પરંપરાગત માળખામાં હલચલ ઊભી થઇ હતી. આ ધર્મમાં માનનારા જાત જાતનાં દૂષણો/ કુટેવોમાંથી મુકત થતા પરિવર્તનને બળ મળતું. તો બીજી તરફ હિંદુ વસાવા અને ખ્રિસ્તી વસાવા વચ્ચે ભેદરેખા અંકાયેલી જોવા મળતી હતી. આ બંને પાસાંઓ તેમનામાં ચાલતી પરિવર્તનની પ્રક્રિયામાં મહત્વના છે. તેની વિગતો આગળ જોઇશું.

## પ્રકરણ - ૫

## પરિવર્તનના પ્રવાહો

મોહિની ગામમાં ૧૯૬૯થી ૧૯૭૯ના દસકામાં અને ત્યાર પછીના ૧૯૭૯થી ૧૯૮૯ના દસકામાં પસંદ કરાયેલ કુટુંબોમાં અને પસંદ ન કરાયેલ કુટુંબો સહિત સમગ્ર ગામમાં આવેલા પરિવર્તનની આંકડાકીય માહિતી ઉપરાંત આ પ્રક્રિયાને જુદા જુદા માપદંડોથી માપવામાં આવે તો તેનું ચોકકસ પ્રમાણ મેળવવામાં ઉપયોગી બની શકે એ હેતુથી પરિવર્તન તરફ દોરી જતાં પરિબળો અને તેમની પ્રભાવી કામગીરીની ન તપાસીએ તો આ અભ્યાસ ઘણી બધી રીતે મર્યાદિત બની રહે.

**વિકાસ કાર્યક્રમોની કામગીરી :**

આદિવાસી વિસ્તારના ઉત્કર્ષ અને વિકાસ માટે વિસ્તાર વિકાસ અને કુટુંબ વિકાસ અભિગમ હેઠળ જુદા જુદા વિકાસના કાર્યક્રમો /યોજનાઓનો અમલ આદિજાતિ પેટા યોજના સોનગઢના ઉપક્રમે કરવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક ખાસ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે. તાજેતરના સમયગાળામાં આ ગામમાં જે જે વિકાસ કાર્યક્રમો અમલી બને એવી શકયતાઓ છે તેની વિગતો નીચે મુજબ છે.

**(૧) પ્રાથમિક આરોગ્ય પેટા કેન્દ્ર :**

આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને તબીબી સારવારની સુવિધાઓ મળી રહે તે માટે દરેક તાલુકામાં ૧-૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવામાં આવે છે. અને દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તક ૨-૩ પેટા આરોગ્ય કેન્દ્રો હોય છે. એ મુજબ મોહિની ગામ કરોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવે છે. પરંતુ કરોડ ગામ મોહિનીથી ૯ કિ.મી. દૂર હોવાથી લોકો ત્યાં સુધી જઇ શકતા નથી. વળી લોકો સારવાર માટે આજે પણ ચીંચપાડા (મહારાષ્ટ્ર) મિશન હોસ્પીટલમાં જવાનું પસંદ કરે છે. તેથી મોહિની અને આસપાસના ગામોના લોકો તબીબી સારવારની સુવિધાઓ મળી શકે એ હેતુથી મોહિની ગામમાં પેટા આરોગ્ય કેન્દ્ર સ્થાપવાનું નકકી કરવામાં આવ્યું છે. આ અંગેની જમીન ફાળવવામાં આવી છે. ક્ષેત્રકાર્ય વખતે આ પેટા કેન્દ્રના આયોજનની કામગીરી ચાલુ હતી. જે ટૂંક સમયમાં પૂરી થશે એવી આશા છે.

(૨) મોહિની ગામ તેમજ આસપાસના ગામના ખેડૂતોના ખેતરમાં ભૂમિ સુધારણા ખાતા વ્દારા પાળાબંધીનું કામ ચાલતું હતું. આ કામગીરી ખેડૂતોની જમીનમાં ફાયદો થતો હતો. અને બીજી તરફથી આદિવાસીઓને મજૂરી કામની તક પ્રાપ્ત થતી હતી.

(૩) મોહિની ગામમાં લોકોને પીવાનું ચોખ્ખુ પાણી મળી રહે તે માટે ૫.૫૦ લાખના ખર્ચવાળી પાણી પૂરવઠા યોજના અમલમાં મૂકવામાં આવી છે. ક્ષેત્રકાર્ય દરમિયાન આ યોજનાની પ્રગતિ જોવા મળી હતી. પાણી સંગ્રહ માટેની ટાંકી તૈયાર થઇ ગઇ હતી. તેમજ ખાડી પાસે ૬૦૦ ફૂટ ઊંડે બોરીંગ કરીને પાઇપ બેસાડવાનું કામ તેમજ અન્ય ચણતર કામ ચાલતું હતું. ટાંકી અને કૂવા વચ્ચેની પાઇપ લાઇન નાખવાનું કામ તૂટક તૂટક ચાલતું હતું.

આ યોજના પૂરી થતાં ગામના તમામ ફળિયામાં સ્ટેન્ડપોસ્ટ વ્દારા પીવાનું ચોખ્ખુ પાણી પૂરતુ પાઠવવામાં આવશે. પાણીની ટાંકીની ક્ષમતા ૫૦૦૦૦ લીટરની છે.

(૪) મોહિની ગામમાં ખેતી મધ્યત્વે આકાશી છે. એટલે ખેતીનો મુખ્ય આધાર વરસાદ પર અવલંબે છે. આ વિસ્તારમાં સિંચાઇ માટેની કોઇ જ સુવિધા નથી. તેમજ ખેડૂતો આર્થિક રીતે એટલા સક્ષમ નથી કે પોતાના ખેતરમાં કૂવો ખોદાવીને સિંચાઇની સગવડ ઊભી કરી શકે. આકાશી ખેતી હોવાથી આ ખેડૂતો માત્ર એક જ પાક લઇ શકે છે. આથી તેમની ખેતીમાં વર્ષ દરમિયાન ચાલી શકે એટલું પણ ઉત્પાદન મળી શકતુ નથી. જેથી આ કુટુંબોને મજૂરી કરવા સ્થળાંતર કરવાનો વિકલ્પ સ્વીકારવો પડે છે.

ક્ષેત્રકાર્યના સમયગાળા દરમિયાન જાણવા મળ્યું હતું કે ગામની પૂર્વ હદમાં આવતાં ખેતરો માટે સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થઇ શકે તે માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના ઉપક્રમે તેની 'જીવનધારા' યોજના હેઠળ ૩૦ ફૂટ પહોળો કૂવો ખોદવાની કામગીરી ચાલુ હતી. તે વખતે એવું આયોજન હતું કે જો ત્યાં પૂરતું પાણી મળી શકશે તો પાઇપ લાઇન વ્દારા પૂર્વવિસ્તારના ખેતરોમાં સિંચાઇની સગવડ આપવામાં આવશે. આ યોજના સરળ થાય તો પૂર્વ વિસ્તારના અંદાજે ૧૦૦ એકર જમીનમાં સિંચાઇનું પાણી આપી શકાશે.

મોહિની ગામના પૂર્વ વિભાગ ઉપરાંત પશ્ચિમ વિભાગમાં આવતી ખેતીની જમીનમા સિંચાઇની સગવડ મળી રહે તે માટેની યોજના નેસુ લીફટ ઇરીગેશન મંજૂર કરવામાં આવી છે. આ યોજના હેઠળ નેસુ નદીના પ્રવાહમાંથી પાણી ઉદવહન કરીને પાઇપલાઇન વ્દારા આ પાણી ખેતરોમાં પહોંચાડવામાં આવશે.

અલબત્ત ક્ષેત્રકાર્ય દરમિયાન આયોજના હેઠળ કોઇ પ્રગતિ થયેલી હોવાની માહિતી નથી. જો કે ભવિષ્યમાં આ યોજના સાકાર બનશે ત્યારે પશ્ચિમ વિભાગમાં આવતા ખેડૂતોને અવશ્ય લાભ થશે.

આમ જોતાં મોહિની ગામના ખેડૂતો માટે ઊભી થઇ રહેલી સિંચાઇ યોજનાથી ઘણો ફાયદો થશે. તેમની ખેતીમાં એક કરતાં વધુ પાક લઇ શકાશે જે તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં ફાળો આપશે.

(૫) જવાહરલાલ નહેરુના શતાબ્દિ વર્ષ દરમિયાન દેશભરમાં અમલી બનેલી જવાહર રોજગાર યોજના હેઠળ અન્ય ગામોની જેમ મોહિની ગામને પણ લાભ આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ કરોડ જૂથ પંચાયતને હસ્તક રૂ.૫.૮૦ લાખ આપવામાં આવ્યા છે. ક્ષેત્રકાર્ય દરમિયાન આ યોજના હેઠળની કામગીરી ચાલુ હતી. તેમાં મોહિની ગામમાં મેટર રસ્તા, ફૂલવાડી, અમીટા ગામોમાં પીવાના પાણીની સુવિધા માટે નવીન કૂવાઓ તૈયાર કરવામાં આવશે. કુલઉતરાણ અને અમીટામાં માટીકામ પૂરું થયુ હતું, મેટલકામ શરૂ કરાશે.

(૬) મોહિની ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની નોંધણી થઇ છે. અને ટૂંક સમયમાં આ મંડળી તેની કામગીરી શરૂ કરશે એવી માહિતી મંડળીના મંત્રીએ આપી હતી. આ મંડળી ઊભી થતાં પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન મળશે જે દ્વારા પ્રાપ્ત થનાર પૂરક આવકથી તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ મળશે. અલબત્ત એવી માહિતી મળી હતી કે કેટલાંક કુટુંબોને ૧ કિ.મી. દૂર આવેલ ચંદાપુરની દૂધ મંડળીના દ્વારા દૂધાળાં પશુ આપવામાં આવ્યાં હતાં. જો કે આ પ્રવૃત્તિ વ્યક્તિગત ધોરણે ચાલતી હોય એવું કયાંય જોવા મળ્યું ન હતું.

આ સિવાય મોટા વાઘછીપા મંડળી દ્વારા ગામનાં ૨૫ કુટુંબોને ભેંસ આપવામાં આવી હતી. પરંતુ આ તમામ ભેંસો મૃત્યુ પામી હતી. આ મંડળી સ્થગિત થઇ ગઇ હોવાથી આ ખેડૂતોના વીમાની ચૂકવણી થઇ શકી નથી.

(૭) ઉચ્છલ તાલુકાના તમામ ગામોમાં વીજળીકરણ થયેલું છે. જે મુજબ મોહિની ગામમાં ૧૯૮૨માં વીજળીકરણ કરવામાં આવ્યું હતું. ગામમાં બધે જ વીજળીના થાંભલા દ્વારા લાઇન નાંખવામાં આવી છે. પરંતુ ગામના માત્ર દસેક કુટુંબોએ ઘરઘથ્થુ વીજળી જોડાણનો લાભ લીધો છે. જયારે બાકીનાં ઘરોમાં આજે પણ દીવા જ બળે છે. તેમજ ગ્રામપંચાયતની આર્થિક સ્થિતિ પણ એટલી સધ્ધર નથી કે થાંભલા ઉપર બલ્બ યા ટયુબલાઇટ નાંખે. તેથી ગામમાં વીજળીકરણ થયેલું હોવા છતાં તેનો વ્યાપક લાભ મળતો હોય તેવું જોવા મળતું નથી.

## શિક્ષણ :

શિક્ષણ એ સમાજ પરિવર્તનનું મહત્વનું સાધન માનવામાં આવે છે. સમાજમાં પરિવર્તનની ગતિએ વ્યાપ મુખ્યત્વે શૈક્ષણિક પ્રગતિ ઉપર અવલંબે છે.

મોહિની ગામમાં શિક્ષણની બાબતમાં બે પ્રકારનું ચિત્ર જોવા મળે છે. માધ્યમિક શિક્ષણની સ્થિતિ ઉત્સાહપ્રેરક નથી. જયારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ શિક્ષણ ઉજળા ભવિષ્યનું આશાચિહ્ન બતાવે છે.

ગામમાં આઝાદી પહેલાંના સમયથી પ્રાથમિક શાળા ચાલે છે. અલબત્ત પહેલાં એ લોકશાળા સ્વરૂપે ચાલતી હતી અને પાછળથી તેનું પ્રાથમિક શાળામાં રૂપાંતર થયું હતું. ક્ષેત્રકાર્ય વખતે આ શાળા ધોરણ ૪ સુધીની ચાલતી હતી. જયારે ધોરણ ૫-૬-૭ માટે ધૂપી ગામની શાળામાં જવું પડતું. શાળામાં બે શિક્ષકો હતા. વધુમાં એવું પણ જાણવા મળ્યું હતું કે આ શાળાને ધોરણ ૭ સુધી લઇ જઇ શકાય તેમ છે પરંતુ ગામમાં ઉત્સાહનો અભાવ અને શિક્ષકના મનદુઃખને કારણે અગાઉ ધોરણ ૫નો વર્ગ ચાલતો હતો તે પણ બંધ કરીને ધોરણ ૪ સુધીની જ રાખવામાં આવી હતી. શાળામાં મધ્યાહન ભોજન યોજના ચાલતી હતી પરંતુ તેનાથી બાળકોની હાજરી ઉપર અસર પડી હોય એમ લાગતું નહોતું. કારણ કે શાળામાં આવેલા બાળકો બીજા બાળકોને બોલાવવા માટે મોકલવામાં આવતા હતા. શાળામાં શૈક્ષણિક સાધનો સારા પ્રમાણમા હતા પરંતુ તેની સ્થિતિ જોતાં વ્યાપક ઉપયોગ નહીં થતો હોય. શાળાના કંપાઉન્ડમાં જ શિક્ષક માટેનું પાકું રહેઠાણ છે. બીજા શિક્ષક નજીકના ગામમાં રહી આવ જા કરે છે.

મોહિની શાળામાં ૧૯૮૫-૮૬થી ૧૯૮૮-૮૯માં અપવ્યય અને સ્થગિતતાની વિગતો

| વિદ્યાર્થીનું નામ | ૧૯૮૫-૮૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૮૭-૮૮ | ૧૯૮૮-૮૯ |
| --- | --- | --- | --- | --- |
| ૧. મહેશકુમાર દિનેશભાઇવસાવા | પાસ | પાસ | પાસ | સરકારી શાળામાં |
| ૨. નિતેશકુમાર દિ.વસાવા | પાસ | પાસ | પાસ | " |
| ૩. ગોવિંદભાઇ નરસિંહભાઇ વસાવા | પાસ | નાપાસ | પાસ | ધૂપી પ્રા.શાળામાંભણે છે. |
| ૪. અભેસીંગ વાળતિયા વસાવા | નાપાસ | નામ કમી હાલમાં આશ્રમશાળામાં ભણે છે | | |
| ૫. અમરસંગ ઉસમા વસાવા | પાસ | પાસ | નાપાસ | શાળા છોડી દીધી છે. |
| ૬. સુપડુભાઇ શંકર વસાવા | નાપાસ | પાસ | ગે.હા. | નાપાસ |
| ૭. અનિલકુમાર ભોગા વસાવા | પાસ | હાલમાં આશ્રમશાળામાં ભણે છે. | | |
| ૮. ડીશનભાઇ આના વસાવા | ગે.હા. | ગે.હા | ગે.હા. | ગે.હા |
| ૯. ભીમસીંગ ગોરજી વસાવા | નાપાસ | ગે.હા. | ગે.હા. | ગે.હા |
| ૧૦. બીપીનકુમાર નરાકુ | નાપાસ | પાસ | ગે.હા. | પાસ ધો.૩ |
| ૧૧. સોમભાઇ ભીમજી | પાસ | ગે.હા. | નાપાસ | પાસ ધો.૨ |
| ૧૨. ડીશનભાઇ કરમા | પાસ | પાસ | નાપાસ | આશ્રમશાળામાં ભણે છે. |
| ૧૩. સુરીર રીજા વસાવા | ગે.હા. | ધો.૧ | આશ્રમશાળામાં જવા નામ કમી. | |

| | ૧૯૮૫-૮૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૮૭-૮૮ | ૧૯૮૮-૮૯ |
|---|---|---|---|---|
| ૧. સરલાબેન મુળજી વસાવા | નામ કમી | નામ કમી | આશ્રમશાળામાં ભણે છે. | |
| ૨. વૈજંતિબેન વિષ્ણુ વસાવા | પાસ | પાસ | પાસ | આશ્રમશાળામાં ચાલુ |
| ૩. શર્મિષ્ઠા બામટીયા | પાસ | પાસ | આશ્રમશાળામાં જવાથી નામ કમી | |
| ૪. અનિતાબેન જેન્તા વસાવા | નાપાસ | પાસ | ગે.હા. | ધો. ૨ પાસ |
| ૫. મોગાબેને સાકરીયા | નાપાસ | પાસ | પાસ | પાસ |
| ૬. કસુબેન ગીજાભાઇ વસાવા | ગે. હા. | ગે. હા. | આશ્રમશાળામાં ભણે છે. | |
| ૭. વિમલાબેન ભારજી વસાવા | નાપાસ | ગે. હા. | અનિયમિત રીતે ચાલુ | |
| ૮. સોપાબેન નીમજી વસાવા | ગે. હા. | ગે. હા. | ગે.હા. હોવાથી નામ કમી | |
| ૯. કલાવતી જલાભાઇ વસાવા | પાસ | નાપાસ | પાસ | ચાલુ છે. |
| ૧૦. વનિતાબહેન જલાભાઇ વસાવા | પાસ | પાસ | પાસ | અભ્યાસ ચાલુ |
| ૧૧. સવાબેન ભીમજી વસાવા | ગે. હા. | ગે. હા. | સતત ગે.હા. હોવાથી નામ કમી | |

કુલ ૨૪ માંથી ૨ વિદ્યાર્થી અને ૨ વિદ્યાર્થીની સળંગ પાસ

પરંતુ શૈક્ષણિક પ્રગતિની બીજી બાજુ જઇએ તો ચોકકસ આનંદ થાય. ક્ષેત્રકાર્ય દરમિયાન તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તે સમયે ગામમાંથી ૩ યુવકોએ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું. અને આ ત્રણ યુવકો નાની મોટી નોકરી કરતા હતા. એક ભાઇની ટાઇપીસ્ટ તરીકે પસંદગી થઇ હતી. આ સ્થિતિ ગામના અન્ય કુટુંબોના ઉગતા યુવાનો માટે પ્રેરણારૂપ બની રહે એમાં શંકા નથી.

મોહિની ગામના ૧૦ યુવકોએ ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. આમાંના ૨ યુવકોએ ગામમાંજ નાની દુકાન શરૂ કરી આજીવીકા મેળવવાનું શરૂ કરી દીધું હતું. બાકીના યુવકો નોકરીની શોધમાં હતા.

ક્ષેત્રકાર્યના સમયગાળા વખતે મોહિની ગામના ૧૦ યુવાનો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને ૨ યુવકો માધ્યમિક શિક્ષણ મેળવતા હતા. આ તમામ યુવકો ૨૨ કિ.મી. દૂર આવેલ ઉચ્છલની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા હતા. આ યુવકો બસ દ્વારા ઉચ્છલ આવ જા કરતા અને નવરાશના સમયમાં ખેતીમાં કે અન્ય કામોમાં મદદરૂપ થતા. આ બાબત ઘણી આશાસ્પદ છે.

આજ સમયગાળા દરમિયાન ગામનાં ૨૦ બાળકો ૩ કિ.મી. દૂર આવેલ ટોકરવા આશ્રમશાળા અને ૩ વિદ્યાર્થીઓ કરોડ ગામની આશ્રમશાળામાં અભ્યાસ કરતા હોવાની માહિતી મળી હતી.

ગામના ખ્રિસ્તી વસાવા કુટુંબના ૩ છોકરાઓ સોનગઢ તાલુકાના રાનીઆંબા ગામના છાત્રાલયમાં અને ૩ છોકરાઓ બાબદા ગામના છાત્રાલયમાં રહીને નજીકની શાળાઓમાં અભ્યાસ કરવા જતા હતા.

આ સિવાય કોઈ આધારભૂત માહિતી મળી શકી નહોતી. પરંતુ એવું અનુમાન છે કે બારડોલી તરફ સ્થળાંતર કરી જતા આ કુટુંબનાં બાળકો પણ શિક્ષણ મેળવતાં હશે.

આમ ઉપર્યુક્ત માહિતીના આધારે એવું તારણ મેળવી શકાય કે મોહિની ગામનાં વસાવા કુટુંબોમાં શિક્ષણ પ્રત્યે રુચિ તીવ્ર બનતી જાય છે. સામાજિક પરિવર્તન માટેનું શુભચિહ્ન છે. ઉચ્છલ જતા વિદ્યાર્થીઓ આવવા જવાનું બસ ભાડા ખર્ચ પોતે જ ભોગવે છે. આ ઉપરથી પણ ઉજળા ભવિષ્યની આશા રાખી શકાય છે.

<u>ધાર્મિક પ્રવાહો અને પરિવર્તન :</u>

મોહિની ગામમાં ધાર્મિક જીવનની ચર્ચામાં મુખ્ય ધર્મ પંથની ચર્ચા કરી છે. પરંતુ આ ધાર્મિક જીવનને સામાજિક પરિવર્તનની ગતિ અને દિશા તરફ ખૂબ જ નજીકનો સંબંધ હોવાનું નિરીક્ષણ દ્વારા જોઈ શકાયું હતું.

અગાઉ જોઈ ગયા મુજબ ગામમાં ૧૦ જેટલાં કુટુંબો સર્વધર્મ સમભાવમાં માનતા ભગવાન સોહમમાં શ્રદ્ધા ધરાવે છે. અને જીવનમાં સિદ્ધિ મેળવવા અથવા તો મોક્ષ પ્રાપ્ત કરવા માટે યોગ સાધનનો માર્ગ એ વસાવાઓને તેમની પરંપરાગત પૂજા ભોગ જેવી વિધિઓમાંથી બહાર લાવીને બધું વાસ્તવિક રીતે વિચારવા માટે પૂરે છે. જે વૈચારિક પરિવર્તનનું પ્રથમ પગથિયું ગણી શકાય.

આ સંપ્રદાયમાં માનતાં કુટુંબોએ કેટલાક નિયમોનો પણ કડક અમલ કરવો પડે છે. જેમાં માંસ દારૂના સેવનમાંથી મુક્તિ, દારૂ એ આદિવાસીઓની સંસ્કૃતિમાંનું વ્યાપક તત્વ છે. એ બાબત બાજુ પર મૂકીને જોઈએ તો આદિવાસીઓમાંની વિષમ ગરીબાઈ માટે દારૂનું અતિસેવન ખૂબ જવાબદાર છે. દારૂ પાછળ તેમની આવકનો ઘણો ભાગ વાપરે છે. ડોળી જેવી ઉત્તમ વનસ્પતિનો નશા તરીકે ઉપયોગ કરે છે. તેની સામાજિક અસરો પર દૃષ્ટિપાત કરીએ તો સ્ત્રીઓને માર મારવામાં આવે છે. જેનાથી કુટુંબમાં ભંગાણની સ્થિતિ સર્જાય છે. આ સંજોગોમાં દારૂમાંથી

મુક્તિ મેળવવાથી સામાજિક આર્થિક પરિવર્તન માટેનો માર્ગ ખુલે છે. વૈચારિક પરિવર્તનનું બીજ રોપાય છે. તેમના સમગ્રલક્ષી પરિવર્તન માટે પાયાની બાબત છે.

એ જ રીતે મોહિની ગામના ૨૦ જેટલાં કુટુંબોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે. આ કુટુંબોની બનેલી ખ્રિસ્તી મંડળી' તરીકે ઓળખાતું જૂથ વસાવાની પરંપરાગત ધાર્મિક માળખામાંથી અલગ પડયું છે. ધર્મ હેઠળ જે નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે અને આ વસાવા કુટુંબોએ તેનો સ્વીકાર કર્યો છે તેમજ બાઈબલના વાંચન અને ઉપદેશને કારણે જે વિચાર કરવાની દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે, જીવન પ્રત્યેની દ્રષ્ટિ યા વિચારધારામાં વાસ્તવિકતા અને હકારાત્મકતાનું તત્વ જોવા મળતું. અલબત્ત આ એક લઘુ પ્રક્રિયા છે જે ઉપલક નજરે જોઈ શકાય નહીં.

પરિવર્તનની અસર સ્વરૂપ ઊભા થતા પ્રશ્નો :

પરિવર્તનની પ્રક્રિયાની અસર સ્વરૂપે જે પરિસ્થિતિ ઊભી થાય છે તેમાંથી કેટલાક પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. મોહિની ગામના અભ્યાસના સંદર્ભમાં આ પાસું પણ તપાસવું જોઈએ.

મોહિની ગામમાં બહાર મજૂરી કરતાં કુટુંબો અને સામાજિક રીતે માત્ર જમીન ઉપર આધાર રાખતાં કુટુંબો વચ્ચે આર્થિક અસમાનતા, શૈક્ષણિક બાબતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવતા કુટુંબો અને નિરક્ષર સભ્યો ધરાવતા કુટુંબો વચ્ચે શૈક્ષણિક બાબતમાં અંતર રહેલું જોવા મળતું હતું.

મોહિની ગામમાં ધાર્મિક માન્યતા મુજબનાં કુટુંબો જોઈએ તો તેઓ પરંપરાગત અને આદિવાસીઓની આગવી ધાર્મિક માન્યતાઓ મિશ્રિત હિંદુ ધર્મી, બહુધા હિંદુ ધર્મનો પ્રભાવ ધરાવતાં પરંતુ યોગસાધનાને પ્રાધાન્ય આપનાર સર્વધર્મ સમભાવમાં માનતાં કુટુંબો તેમજ ખ્રિસ્તી ધર્મનાં કુટુંબો હતાં. પરંતુ સર્વધર્મ સમભાવ સહિતનાં હિંદુ કુટુંબો અને ખ્રિસ્તી કુટુંબો વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી. તેમજ આ માન્યતાઓની અસર સમગ્ર વસાવા જાતિની એકતા પર પડતી જોવા મળતી હતી. બંને પ્રકારનાં કુટુંબો માત્ર પોતાની જ ધાર્મિક માન્યતા સાચી હોવાનું માનતા. તેથી બંને વચ્ચે મતભેદ રહેતા. ખ્રિસ્તી કુટુંબો વસાવા કુટુંબો સાથેના લગ્નવ્યવહારો નહોતા રાખતા. ગામની સામુહિક ઉજવણીમાં ફાળાનો ભાગ નહોતા આપતા તેમજ હાજર પણ નહોતા રહેતા. કેટલાક માહિતીદાતાઓએ એવું પણ જણાવ્યું હતું કે ખ્રિસ્તી વસાવાઓ હિંદુ વસાવાના કુટુંબમાં મરણ પ્રસંગે પણ હાજર નહોતા રહેતા. જો કે તપાસ કરતા આ માહિતીમાં વજુદ ન હોવાનું જાણવા મળ્યું હતું. એ જ રીતે હિંદુ વસાવાઓ ખ્રિસ્તી વસાવાઓને પોતાનાથી અલગ માનતા. ખ્રિસ્તી વસાવા નિયમિત રીતે પ્રાર્થનાસભા ભરતા

ગીતો ગાતા, તાળીઓ પાડતા આ બહુ હિંદુ વસાવાઓને વિરુદ્ધ હોવાનુ લાગતું. તેઓ આ પ્રાર્થનાસભામા ન જતા. તેમજ ખ્રિસ્તીઓના ધાર્મિક તહેવારની ઉજવણીમા પણ ભાગ લેવાથી અલગ રહેતા. ખ્રિસ્તી વસાવાઓ ઉજવણીમાXXXXX અને હિંદુ વસાવાઓ વચ્ચે એક પ્રકારનુ મનદુઃખ રહેતું.

## <u>મોહિની ગામનુ ભાવિ :</u>

મોહિની ગામની અગાઉના અભ્યાસની વિગતો ચાલુ અભ્યાસ માટે પસંદ કરાયેલા કુટુંબોની વિગતો તેમજ ક્ષેત્રકાર્ય દરમિયાન જુદા જુદા સ્તરના માહિતીદાતાઓ પાસેથી મળેલ માહિતી અને છેવટ નિરીક્ષણ દ્વારા મળેલ માહિતી દ્વારા જે પરિસ્થિતિ જોવા મળી હતી તેના આધારે મોહિની ગામના ભવિષ્ય અંગેનુ ચિત્ર મળવાનુ હોય તો એમ કહેવું જોઇએ કે નજીકના ભવિષ્યમાં સિંચાઇ માટેની જે સુવિધા ઉપલબ્ધ થવાની છે તેનાથી ખેતીમા ચોક્કસ પ્રગતિ થશે. હાલમાં માંડ એક પાક લઇ શકતા ખેડૂતો ૧-૨-૩ પાક લેતા થશે. ખેતીની પ્રગતિ થતાં જમીનવિહોણાં કુટુંબો માટે ખેતમજૂરીની તકો પ્રાપ્ત થશે. તેમજ ગામનાં કુટુંબો જે બહાર સ્થળાંતર કરી ગયાં છે અને બહાર મજૂરી કે બીજાં કામો દ્વારા જે રોકડ આવક મેળવે છે તેઓ પણ તેમની આવકમાંથી બચત કરીને ખેતીમા મૂડીરોકાણ કરશે. જેથી સુરત, વલસાડ જિલ્લાના અન્ય ભાગોની જેમ વાડીઓ સ્થપાશે.

શિક્ષણના ક્ષેત્રમાં જોઇએ તો છેલ્લી તપાસ વખતે ઠીક ઠીક સંખ્યામાં માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં ભણતા હતા. આમ શિક્ષણમા આગળ જવા માટેના દ્વાર પણ ખુલી ગયાં છે. એમ કહેવામાં અતિશયોકિત નથી.

ગામમાં ખ્રિસ્તી મંડળી તેમજ સર્વધર્મ સમભાવમાં માનતા કુટુંબોએ પોતાને દારૂ જેવા દુષણમાંથી મુકત કર્યાં છે. આથી આ કુટુંબોમાં ઊભુ થનાર વાતાવરણ બીજાં કુટુંબોને પણ પ્રેરણા પૂરી પાડશે. જે ગામમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને ગતિ અને જોમ પૂરાં પાડશે એમાં શંકા નથી.

# સૂ ચ નો

ગુજરાતમાં પરિવર્તન પામતાં આદિવાસી ગામોના અભ્યાસની શ્રેણીમાં મોહિની ગામનો જે અભ્યાસ કરવામાં આવ્યો છે. તેના એક ભાગ રૂપે કેટલાંક સૂચનો આપવાનું અનિવાર્ય અને ઉપયોગી માન્યું છે.

## ખેતીમાં પ્રગતિ :

ગ્રામ્ય સમાજ તેમજ આદિવાસી સમાજ વ્યવસ્થામાં ખેતીની અસર સમગ્ર અર્થવ્યવસ્થામાં જોવા મળે છે. આજ વિસ્તારના ધોડિયા અને ચૌધરી જાતિઓમાં આર્થિક પ્રગતિના કારણ તપાસીએ તો આ હકીકત જોઇ શકાય છે.

મોહિની ગામમાં પોતાની મહત્ત્વાની સ્થાન છૂટકમજૂરી તરફ વળતું જોવા મળતું હતું. તેથી ખેતીની પ્રગતિ થવી જોઇએ અને તે માટે સૌ પ્રથમ સિંચાઇની સગવડ મોટા પાયા ઉપર અને યુધ્ધના ધોરણે ઊભી કરવી જોઇએ. જેથી તેઓ સુધારેલી પધ્ધતિમાં ખેતી કરીને વધુ ઉપજ લઇ શકે. ખેતીની પ્રગતિ સાથે ખેતી આધારિત અન્ય વ્યવસાયો પણ ઊભા થઇ શકશે. જેનાથી ગ્રામ્ય રોજગારી ઘટાડવામાં મદદ મળશે.

## કુટિર અને ગૃહોદ્યોગો :

મોહિની ગામમાં સ્થળાંતરનું પ્રમાણ ઘટાડવું હશે તો ઘરઆંગણે રોજી પૂરી પાડવાની તકો ઊભી કરવી પડશે. અને મોટી સંખ્યામાં આ તકો માત્ર કુટિર ઉદ્યોગો વ્દારા જ ઊભી કરી શકાશે. અલબત્ત નજીકના ભવિષ્યમાં મધ્યમ અને મોટા પ્રકારના ઉદ્યોગો સ્થાપી શકાય તે માટની માળખાકીય સગવડો ઊભી કરવાનું કામ સરકારે જુદી જુદી યોજનાઓ હેઠળ શરૂ કરવું જોઇએ.

## જંગલ વિસ્તરણ :

આ વિસ્તારમાં અગાઉનું જંગલ લગભગ નાશ પામ્યું છે અને જાણકારોના મત મુજબ હાલના ધોરણે કૂપની ફાળવણી અને વૃક્ષો કાપવાનું ચાલુ રહેશે તો આવતાં દસ વર્ષમાં તો આ વિસ્તાર તદ્દન ઉજ્જડ બની જશે. સરકાર પર્યાવરણ જાળવવાના સઘન પ્રયત્નો કરે છે.